# એબ્રહામ લિંકન

મણિભાઈ દેસાઈ

સંપાદક : મહેન્દ્ર મેઘાણી



લોકમિલાપ ટ્રસ્ટ

# અ-ક્ષર નાદ

મનુભાઈ પંચોળીએ એક લેખમાં કહેલું કે , "રાજકારણનું પાયાનું જ્ઞાન સહુને મળે તેવા પ્રજાકીય પ્રૌઢ શિક્ષણની જરૂર છે." આ પ્રજાકીય પ્રૌઢ શિક્ષણ મારફત રાજકારણનું એટલેકે એના વિશાળ અર્થમાં સમાજજીવનનું પાયાનું જ્ઞાન લોકો સુધી પહોંચાડવાના એક નાના શા પ્રયત્ન રૂપે આ પુસ્તિકાનું પ્રકાશન થયું છે. આ જાતની બીજી અનેક નાની નાની સુંદર પુસ્તિકાઓ પણ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા બહાર પાડવામાં આવેલી છે. દરેક ખિસ્સાપોથીમાં ૩૨ પાનાં, દરેકની કિંમત રૂ. ૩ અને તેની ૧૦૦ નકલ ફક્ત રૂ. ૨ માં અને ૧૦૦૦ કે તેથી વધુ નકલ ફક્ત રૂ ૧. માં મેળવી શકાય છે. આ પુસ્તિકાઓની નવ લાખથી વધુ નકલો વહેંચાઈ ચૂકી છે.

આ પુસ્તિકાઓ અક્ષરનાદ.કોમ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની પરવાનગી આપવા બદલ શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો જ પડવાનો. આ

પુસ્તિકાઓનો, તેમાંના સદવિચાર અને જીવનલક્ષી સાહિત્યનો પ્રચાર, પ્રસાર અને વાંચન તથા મનન થાય તેવી તેમની ઈચ્છા ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પૂર્ણ કરવાની તક અમને મળી તે માટે અમે સદભાગી છીએ.

ઈન્ટરનેટ જેવા વિશાળ ,  સાર્વત્રિક અને અનેક ક્ષમતાઓ ધરાવતા માધ્યમ પર આ પુસ્તિકાઓ મૂકવાની શ્રી ગોપાલભાઈ પારેખ (વાપી) ની મહીનાઓથી સેવેલી ઈચ્છા અને અમને તેના માટે સત્તત પ્રોત્સાહન આપતા રહેવાની વૃત્તિ આનું મુખ્ય કારણ છે.

આવી અનેક પુસ્તિકાઓ અક્ષરનાદ પર હવેથી સમયાંતરે મૂકવી છે. પ્રેરણાત્મક જીવનચરિત્રો,  મનનીય કૃતિઓ અને જીવનલક્ષી સાહિત્યનું આ એક નવું સોપાન છે. આશા છે આ પ્રયત્નનો લાભ મહત્તમ વાંચક મિત્રો સુધી પહોંચશે.

**- જીજ્ઞેશ અધ્યારૂ**

## મહિને એક જ રૂપિયામાં અંગત લાઇબ્રેરી

મનુભાઈ પંચોળીએ એક લેખમાં કહેલું કે, ‘‘રાજકારણનું પાયાનું જ્ઞાન સહુને મળે તેવા પ્રજાકીય પ્રૌઢ-શિક્ષણની જરૂર છે.’’

આ પ્રજાકીય પ્રૌઢ-શિક્ષણ મારફત રાજકારણનું, એટલે કે એના વિશાળ અર્થમાં સમાજજીવનનું, પાયાનું જ્ઞાન લોકોને પહોંચાડવાના એક નાના શા પ્રયત્નરૂપે આ પુસ્તિકાનું પ્રકાશન થયું છે. આ જાતની બીજી નાની નાની પુસ્તિકાઓ પણ લોકમિલાપ ટ્રસ્ટ તરફથી બહાર પડેલી છે.

શિક્ષણસંસ્થાઓને નમ્ર વિનંતી છે કે આવી એક પુસ્તિકાની 1,000 નકલ રૂ૦ 1,000માં મગાવીને પોતાના વિદ્યાર્થીઓને (રૂ૦ 3ની છાપેલી કિંમતને બદલે) એક રૂપિયામાં જ આપે. એક પુસ્તિકામાં વિદ્યાર્થીઓને રસ પડે, તો બીજે મહિને અન્ય પુસ્તિકાની હજાર નકલ મગાવીને એ રીતે તેનું વિતરણ કરે. આમ વરસેકમાં દસેક પુસ્તિકાની પોતાની નાનકડી લાઇબ્રેરી દરેક વિદ્યાર્થી પાસે થઈ જશે – મહિને ફક્ત એક જ રૂપિયાના નજીવા ખર્ચમાં.

**લોકમિલાપ ટ્રસ્ટ**

પો૦ બો૦ 23 (સરદારનગર), ભાવનગર 364001 • ફોન : (0278) 256 6402

## મોતીની માળા જેવી પુસ્તિકાઓ

**આઝાદી કી મશાલ :** સં○ મહેન્દ્ર મેઘાણી
**એબ્રહામ લિંકન (સંક્ષેપ) :** મણિભાઈ દેસાઈ
**દુલારું દાંપત્ય :** અનુ○ મહેન્દ્ર મેઘાણી
**પરમ સખા મૃત્યુ (સંક્ષેપ) :** કાકા કાલેલકર
**પહાડી નિશાળના પડઘા :** સેઇક્યો મુચાકુ
**મારા ગાંધીબાપુ (સંક્ષેપ) :** ઉમાશંકર જોશી
**મારી અભિનવ દીક્ષા (સંક્ષેપ) :** કાશીબહેન મહેતા
**મારી જીવનયાત્રા (સંક્ષેપ) :** બબલભાઈ મહેતા
**મારી વાચનકથા (સંક્ષેપ) :** મનુભાઈ પંચોળી
**મુગ્ધાવસ્થાના ઉંબરે :** ‘પ્રેમળ જ્યોતિ’
**મોતીની ઢગલી : 1**
**મોતીની ઢગલી : 2**
**વિચારમાળાનાં મોતી**
**હાસ્યમાળાનાં મોતી**

***દરેકનાં પાનાં 32 : દરેકની કિંમત રૂ○ 3***
***100 નકલ રૂ○ 2 લેખે : 1,000 નકલ રૂ○ 1 લેખે***

*કુલ નવ લાખથી વધુ નકલો છપાઈ છે.*

## લોકમિલાપ ટ્રસ્ટનાં કેટલાંક પ્રકાશનો

| | |
|---|---|
| અરધી સદીની વાચનયાત્રા : 1-2-3-4 દરેકના | રૂ૦ 100 |
| ગાંધી-ગંગા : 1-2 દરેકના | રૂ૦ 30 |
| ગીત એક ગાયું ને વાયરે વાવ્યું... | 40 |
| ગીતામંથન : સંક્ષેપ (કિશોરલાલ મશરૂવાળા) | 15 |
| જીવનનું પરોઢ (પ્રભુદાસ ગાંધી) | 10 |
| ત્યારે કરીશું શું ? : સંક્ષિપ્ત (લિયો તોલ્સતોય) | 10 |
| ધૂપસળી | 20 |
| પતંગિયાંની પાંખે | 30 |
| ભાઈબંધ (નિકોલાઈ નોસોવ) | 30 |
| મેઘાણી : સ્મરણમૂર્તિ | 30 |
| રઢિયાળી રાતના રાસ | 5 |
| રવીન્દ્રનાથ સાથે વાચનયાત્રા | 30 |
| રોજેરોજની વાચનયાત્રા : 1-5 | 35 |
| લોકસાહિત્યની વાચનયાત્રા : 1-4 | 40 |
| વાચનયાત્રાનો પ્રસાદ | 100 |
| હાસ્ય-કણિકા | 15 |
| EVERYMAN'S TAGORE | 30 |
| HUNDRED POEMS | 20 |

*[દરેકના સંપાદક : મહેન્દ્ર મેઘાણી]*

# એબ્રહામ લિંકન

**મણિભાઈ દેસાઈ**

સંપાદક : **મહેન્દ્ર મેઘાણી**

**લોકમિલાપ ટ્રસ્ટ**

આવૃત્તિ 1 : 1992
**પુનર્મુદ્રણ : 1998, 2008, 2009**
કુલ નકલ : 40,000

**રૂ. 3**

100 નકલ : **રૂ. 2** લેખે

1,000 નકલ : **રૂ. 1** લેખે
[+ રવાનગી-ખર્ચ]

વિદેશમાં 50 નકલના $ 10
[વિમાન ટપાલ-ખર્ચ સાથે]

પ્રકાશક
ગોપાલ મેઘાણી
**લોકમિલાપ ટ્રસ્ટ**
પો૰ બો૰ 23 (સરદારનગર), ભાવનગર 364001
e-mail : lokmilaptrust2000@yahoo.com • ફોન : (0278) 256 6402

અક્ષરાંકન : શારદા મુદ્રણાલય, અમદાવાદ. ફોન : 2656 4279

મુદ્રણ : ચંદ્રિકા પ્રિન્ટરી, અમદાવાદ. ફોન : 2562 0578

# નિવેદન

1926માં ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા એક જુવાનના હાથમાં એબ્રહામ લિંકનના જીવનચરિત્રનું એક નાનકડું પુસ્તક મૂકીને એના વડીલ બંધુ તે વાંચી જવાની ભલામણ કરે છે. એ પુસ્તકના એકસપાટે કરેલા વાચને જુવાનના મન પર જે અસર કરી, એના દિલમાં જે ભાવ પેદા કર્યા, તેને પરિણામે પોતે એ અવતારી પુરુષના ભક્ત બને છે, અને તેને વિશે વધુ ને વધુ જાણવાની અદમ્ય જિજ્ઞાસા તેના દિલમાં ઉદ્ભવે છે. પછી ચાલીસ-પિસ્તાલીસ વરસ સુધી લિંકન વિશે ઉપલબ્ધ ઘણું સાહિત્ય ભક્તિભાવથી વાંચીને જ એ જંપે છે. લિંકન વિશે જેમ જેમ એ વધુ જાણતા જાય છે તેમ તેમ તેને વિશેનો એમનો પ્રેમ અને આદર વધુ ને વધુ ઊંડો થતો જાય છે.

એ જુવાન તે મણિભાઈ ભ૰ દેસાઈ. ગુજરાત વિદ્યાપીઠના માસિક ‘શિક્ષણ અને સાહિત્ય’માં લિંકનનું ટૂંકું જીવનચરિત્ર એમણે 1940માં હપતે હપતે લખવા માંડેલું. વાચકોમાં એ ખૂબ પ્રીતિપાત્ર થઈ પડ્યું અને વધારે વિસ્તારથી તે લખવાનો આગ્રહ કરતા અનેક પત્રો લેખકને મળ્યા. અંતે તે માટેનો અવકાશ ત્રીસેક વરસ બાદ એમને મળ્યો અને લિંકનના જીવનની કેવળ રૂપરેખા જ આપતું ‘અજાતશત્રુ લિંકન’ નામનું 160 પાનાંનું નાનું પુસ્તક તેમની પાસેથી

આપણને મળ્યું. પછી લિંકનના બહુવિધ જીવનને તેમ જ તેના ભગીરથ જીવનકાર્યને આવરી લેતું મોટા કદનાં છસોક પાનાનું વિસ્તૃત જીવનચરિત્ર પોતાના સાડાચાર દાયકાના અભ્યાસના નિચોડ રૂપે ‘એબ્રાહમ લિંકન’ નામે 1980માં એમણે આપ્યું. તેના નિવેદનમાં તેમણે લખ્યું કે:

“એક સત્યકામ, સત્યસંકલ્પ સત્પુરુષની, એક ધર્માવતારની, આધુનિક સમયના એક પુણ્યશ્લોકની આ જીવનકથા પ્રજા સમક્ષ સાદર કરતાં અકળ પ્રકારના ક્ષોભ, સંકોચ તેમ જ વિમાસણની મિશ્ર લાગણી અનુભવું છું. ક્યાં તેની સર્વતોમુખી, સર્વતોભદ્ર, અલૌકિક મહત્તા, અને ક્યાં મારી અલ્પમતિ! તરવા ચાહ્યો છે સાગર, ને મારી પાસે નાનકડું હોડકું તો શું— મામૂલી તરાપોય નથી! છતાં હામ ભીડી છે—યથામતિ નહિ, યથાશક્તિ નહિ, કેવળ યથાભક્તિ આ દુર્ગમ સાહસ ખેડવાને.”

લિંકનની એ કીર્તિકથા ગુજરાતી ભાષાનાં ઉત્તમ જીવનચરિત્રોમાંનાં એક તરીકે યાદગાર બની રહેશે. કમનસીબે તેની તરફ વાચકોનું ધ્યાન બરાબર દોરાયું નહિ હોય, તેથી તેની 1,000 નકલ ખલાસ થતાં પણ ઠીક ઠીક વખત લાગ્યો. એવું સુંદર પુસ્તક થોડાં વરસોથી અપ્રાપ્ય છે. એટલે મેં તેનો એક સંક્ષેપ તૈયાર કર્યો છે, તે ક્યારેક પ્રગટ થશે એવી આશા છે. દરમ્યાન એ સંક્ષેપનાયે અલ્પ આચમનરૂપે આ ખીસાપોથી બહાર પડે છે.

લિંકન જયંતી: 12 ફેબ્રુઆરી, 1992 **મહેન્દ્ર મેઘાણી**

# એબ્રહામ લિંકન

યુનાઈટેડ સ્ટેઈટ્સના ઓતરાદા પ્રદેશમાં જેમ્સ જેન્ટ્રી મોટો જમીનદાર હતો. એ પ્રદેશના ખેડૂતો પોતાની ખેતીની પેદાશ ત્યાંથી એક હજાર માઈલ દૂર દક્ષિણમાં ન્યુ ઓર્લીઅન્સ નામના મોટા બંદરમાં વેચવા માટે લઈ જતા. એ સમયે એટલે દૂર સુધી માલ લઈ જવા માટે પાકી સડકો નહોતી. સદ્‌ભાગ્યે યુનાઈટેડ સ્ટેઈટ્સના એ વિસ્તારમાં નદીઓની એક વિશાળ જાળ કુદરતે બિછાવી દીધેલી હતી. એ જળપ્રવાહો દેશના અંદરના ભાગને દરિયાકાંઠા પર આવેલાં બંદરો સાથે જોડતા હતા. એટલે એ જળમાર્ગો દ્વારા ખેડૂતો હોડીઓમાં પોતાનો માલ વેચવા લઈ જતા.

જેમ્સ જેન્ટ્રીને આ રીતે પોતાનો માલ ન્યુ ઓર્લીઅન્સ મોકલવો હતો. આટલા લાંબા ને જોખમભર્યા પ્રવાસની જવાબદારી માટે તેની નજર એબ્રહામ લિંકન નામના કદાવર જુવાન પર ઠરી. એબ્રહામ તેનાં બાહુબળ, હોશિયારી, પ્રામાણિકતા અને ભલમનસાઈ માટે ત્યાં જાણીતો હતો.

જેન્ટ્રીનો માલ હોડીમાં ભરીને 1882ના માર્ચ મહિનામાં તે ન્યુ ઓર્લીઅન્સ જવાને રવાના થયો. એબ્રહામ હોડી આખો દિવસ નદીના કિનારાને અડીને હંકારતો. ઓહાયો નદીમાં તે આગળ વધે છે તેમ તેમ એક નવી જ દુનિયા તેની નજર આગળ છતી થતી જાય છે. નવીન પ્રકારનાં પશુપક્ષીઓ, નવીન પ્રકારનાં ઝાડપાન, નવીન પ્રકારની ખેતીવાડી તથા નવીન પ્રકારની જોવામાં આવ્યાં. દરેક ગુલામને

આબોહવા તેને જોવા મળે છે. આગળ ચાલતાં ઓહાયો નદી મિસિસિપીના મહાનદને મળે છે. તેના દરિયા જેવા વિશાળ પટ પર થઈને હોડી હંકારતાં, પાકથી લચી રહેલાં ને માઈલો સુધી વિસ્તરેલાં વિશાળ ખેતરોમાં કામ કરતા હબસી ગુલામો તેના જોવામાં આવે છે.

ન્યુ ઓર્લીઅન્સમાં એબ્રહામે માલ વેચ્યો. એ પચરંગી શહેરમાં તેણે જોયેલી બધી વસ્તુઓ પૈકી એક વસ્તુએ તેના દિલ પર ઊંડી અસર કરી, અને તેની કારમી સ્મૃતિ તેના ચિત્તમાં સદાને માટે અંકિત થઈ રહી. બાળપણમાં લોકોને મોઢેથી જેમને વિશે તેણે કમકમાટીભરી વાતો સાંભળી હતી, તથા જેમની દુર્દશાનાં અરેરાટી છૂટે એવાં, છાપાંમાં અવારનવાર આવતાં વર્ણનો તેણે વાંચ્યાં હતાં, તે હબસી ગુલામોનું કરુણ દશ્ય ત્યાં તેને સગી આંખે જોવા મળ્યું. સદાયે હડધૂત થતા, ગાય-બળદ ને ઘોડાં વગેરે પશુઓની જેમ ખરીદાતા ને વેચાતા, તથા સાંકળોથી જકડીને ગુનેગારોની પેઠે પૂરી રાખવામાં આવતા એ અસહાય ગુલામોને જોઈને, તે સમભાવી તરુણનું દિલ ઘવાયું અને કરુણાથી ઊભરાઈ આવ્યું.

।

લગભગ એક વરસ બાદ ન્યુ ઓર્લીઅન્સ જવાનો એબ્રહામને ફરીથી મોકો મળ્યો. ત્યાંના આ રોકાણ દરમ્યાન ગુલામો વેચવાના બજારનું કારમું દશ્ય નિહાળીને તો તેનું દિલ વલોવાઈ ગયું. વેચવા માટે રજૂ કરેલાં સંખ્યાબંધ સ્ત્રી થતા પુરુષ ગુલામો એ ગોઝારા બજારમાં તેના

જોવામાં આવ્યાં. દરેક ગુલામને પગે લોખંડની સાંકળ બાંધવામાં આવી હતી. ગોરા વેપારીઓ હાથમાં ચાબૂક ધારણ કરીને દમામથી ત્યાં ઊભા હતા. ભૂલેચૂકે કોઈ ગુલામ જરા જેટલો પણ આઘોપાછો થાય, તો તેને સરખા ઊભા રહેવાનો બોધ ચાબૂકના અચૂક ફટકાથી તેઓ આપતા.

લાચાર, અસહાય, સાંકળથી જકડાયેલ અર્ધનગ્ન અને ભયથી ધ્રૂજતા એ દીન ગુલામોને જોઈને એબ્રહામની સઘળી સહાનુભૂતિ તેમના તરફ ઢળી. પરંતુ છેક નાનપણથી જ બૂરાઈ અને બૂરા લોકો વચ્ચેનો ભેદ તે બરાબર વરતી ગયો હતો; અને તેથી તેની સહાનુભૂતિ જુલમનો ભોગ બનનાર અને જુલમ કરનાર, ઉભયને આવરી લે એટલી વ્યાપક બની હતી. આથી એ વિચારવાન અને સહૃદય જુવાન, ગુલામો તેમજ ગુલામોના વેપારીઓ, ઉભયને વળી વધારે મોટા અને સમર્થ એવા સંજોગોરૂપી શિકારીના શિકાર લેખે છે. એટલે કોઈના પણ પ્રત્યે દ્વેષ કે વેરભાવ સેવ્યા વિના, બની શકે તો, એ કારમી વિષમતા પેદા કરનારા સર્વસમર્થ સંજોગો સાથે જ બાથ ભીડવાનો અને તેમને પલટી નાખવાનો તે પોતાના મનમાં દૃઢ સંકલ્પ કરે છે.

I

ગુલામીની પ્રથા યુનાઈટેડ સ્ટેઈટ્સના પ્રભવકાળથી જ તેને વારસામાં મળી હતી. ઇતિહાસ-પ્રસિદ્ધ ‘મેફ્લાવર’ વહાણ ‘યાત્રી વડવાઓ’ને લઈને ઉત્તર અમેરિકાના પૂર્વ સાગરકાંઠે જે વરસે લાંગર્યું, એ જ અરસામાં એક ડચ વેપારી જહાજ પણ એ સાગરકાંઠે લાંગર્યું અને

તેમાંથી વીસ હબસીઓએ ઉત્તર અમેરિકાની ભૂમિ પર પગ મૂક્યો. એક જ વર્ષે, લગભગ એક જ સ્થળે પગ મૂકનાર એ બંને વહાણોના ઉતારુઓ વચ્ચે જમીન-આસમાન જેટલું અંતર હતું. એક રંગે ગોરા હતા, અને બીજા કાળા. એક સ્વધર્મ અને સ્વમાનની રક્ષા કાજે સ્વેચ્છાએ વતનને છોડીને ત્યાં આવ્યા હતા, બીજાને બળાત્કારે ત્યાં લાવવામાં આવ્યા હતા. એક સ્વાધીન હતા, બીજા ગુલામો. એકે ત્યાં રાષ્ટ્રબીજ રોપ્યું જે ફાલીફૂલીને વિશાળ તરુવર બન્યું; બીજા, કાળે કરીને, એ જ રાષ્ટ્રવૃક્ષની ખુદ હસ્તીને માટે જોખમરૂપ બન્યા.

પશ્ચિમ યુરોપના ગોરાઓએ સત્તરમી સદીના આરંભમાં ઉત્તર અમેરિકાના પૂર્વ કિનારાના પ્રદેશમાં આવીને ત્યાં વસવાટ શરૂ કર્યો, ત્યારે જાતમજૂરીથી જ ખેતી કરીને એ પોતાનો નિર્વાહ ચલાવતા હતા. પછી તો ધન કમાવાને તેમણે ધાન્ય ઉપરાંત રોકડિયા પાકોની ખેતી વિશાળ પાયા પર કરવા માંડી. એ માટે ત્યાં જમીન તો અખૂટ હતી, પણ મજૂરોની ખોટ હતી. અમેરિકાના આદિવાસી ‘રેડ ઇન્ડિયનો’ પર એ માટે તેમની પ્રથમ નજર પડી. રેડ ઇન્ડિયનોને પકડીને તેમની પાસે ખેતીકામ કરાવવાનો અખતરો તેમણે કરી જોયો. પરંતુ રેડ ઇન્ડિયનો ચંચળ પ્રકૃતિના, સ્વતંત્રમિજાજી અને મનસ્વી હતા. તેઓ ધાર્યું કામ આપતા નહીં, અને લાગ મળ્યે પોતાની ટોળીમાં પાછા ભાગી જતા. પોતાનાં બંધનોથી અકળાઈને તેઓ ગોરા માલિકોનું ખૂન પણ કરી બેસતા. આમ, એ અખતરો નિષ્ફળ નીવડ્યો.

ઇંગ્લેન્ડના કેદીઓને તથા યુરોપના બીજા દેશોમાંથી ગિરમીટિયા મજૂરો લાવીને તેમની પાસે ખેતીનું કામ કરાવવાનો પ્રયોગ કરી જોયો. પરંતુ એ ગોરા કેદીઓ અને મજૂરોને સુદ્ધાં ધાર્યું કામ દેવામાં નિષ્ફળ નીવડ્યા.

આખરે આફ્રિકાના હબસી ગુલામો પાસેથી કામ લેવાનો ઉપાય અજમાવી જોવામાં આવ્યો, એમાં ગોરા વસાહતીઓને સફળતા સાંપડી. પછી તો હબસી ગુલામોની માંગ વધતી જ ગઈ. ડચ તથા અંગ્રેજ વેપારીઓ એ માંગ પૂરી પાડી અઢળક કમાણી કરવા લાગ્યા. એ પછી દોઢ સદી સુધી હબસી ગુલામોની આ માંગ અમેરિકાનાં એ સંસ્થાનોમાં ચાલુ રહી.

આફ્રિકાના અરણ્યવાસી એ અબોધ હબસીઓને ભોળવી, ફોસલાવી તથા તરેહતરેહની લાલચો આપીને છેતરી, હૈયાસૂના ધનલોલૂપ વેપારીઓ વહાણોમાં ખડકી ખડકીને અમેરિકા રવાના કરવા લાગ્યા. આ છળની યુક્તિ વખત જતાં નિષ્ફળ નીવડી. એટલે બળજબરી અને જોરજુલમની રીત અખત્યાર કરવામાં આવી. હિંસક પશુઓની જેમ ચારે બાજુથી ઘેરી લઈને તેમને પકડવામાં આવતા, અને તેમના કુટુંબકબીલાથી સદાને માટે વિખૂટા પાડીને શેષ જીવન ગુલામ દશામાં, પશુના કરતાં પણ બદતર રીતે વિતાવવાને અમેરિકા રવાના કરવામાં આવતા. આ કાર્યમાં ગોરા વેપારીઓ હબસીઓના નાના નાના રાજાઓ તથા હબસી કબીલાના મુખીઓની મદદ લેતા.

આફ્રિકાના પશ્ચિમ કિનારા પર ગુલામોની ખરીદી માટેનાં મથકો હતાં. પકડવામાં આવેલા, અથવા

અથવા બીજા પકડનારાઓ પાસેથી ખરીદવામાં આવેલા, એ અસહાય હબસીઓને વહાણોમાં એક ઉપર બીજી એવી, કબાટનાં ખાનાંઓ જેવી, છાજલીઓ પર ખીચોખીચ ખડકવામાં આવતા અને લોખંડની સાંકળોથી બબ્બેની જોડીમાં બાંધવામાં આવતા. આ રીતે ખડકીને લઈ જઈ તેમને અમેરિકાના કિનારા પર ઉતારવામાં આવતા. એથી વહાણમાં એટલી બધી ગંદકી થતી કે એવી ત્રણ-ચાર સફરમાં તે સડીને નકામું થઈ જતું. કેટલાક હબસીઓ આવી અસહ્ય પરિસ્થિતિમાં રિબાઈને, તથા બીજા કેટલાક જીવન અકારું થવાથી, અમેરિકા પહોંચતાં પહેલાં જ મરણશરણ થતા અને ગુલામી દશાના જીવનની કારમી યાતનાઓ ભોગવવામાંથી મુક્ત થતા.

।

એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે દોઢસો વરસના ગાળા દરમ્યાન ઓછામાં ઓછા વીસ લાખ જેટલા હબસીઓને ત્યાં લાવવામાં આવ્યા હશે. ઉત્તર અમેરિકાનાં એ બ્રિટિશ સંસ્થાનો સ્વતંત્ર થયાં ત્યારે ત્યાં પ્રત્યેક ચાર ગોરાઓ દીઠ એક હબસી ગુલામ હતો. કેટલાંક સંસ્થાનોના લોકો એ અમાનુષી પ્રથા નાબૂદ કરવા માગતા હતા. તો કેટલાંક સંસ્થાનોની અર્થવ્યવસ્થા તેમ જ જીવનવ્યવસ્થા ગુલામીની પ્રથા પર સર્વથા નિર્ભર હતી, અને તેથી ત્યાંના લોકો કોઈ પણ ભોગે એ પ્રથાને ટકાવી રાખવા માગતા હતા. સ્વાતંત્ર્ય-યુદ્ધમાં, રાષ્ટ્રનું બંધારણ ઘડવામાં તથા પછીથી દેશના રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવનારા માનવતાવાદી રાજપુરુષો

ગુલામીના કટ્ટા વિરોધીઓ હતા. પરંતુ કઠોર વાસ્તવિકતા આગળ તેમને નમતું આપવું પડ્યું. ગુલામીની પ્રથા નાબૂદ કરવા દક્ષિણનાં રાજ્યોને તેઓ કેમે કરીને સમજાવી શક્યા નહીં. ઊલટું, ગુલામીની પ્રથા જેમની તેમ કાયમ રાખવામાં આવે એ શરતે જ યુનાઈટેડ સ્ટેઈટ્સના સમવાયી પ્રજાસત્તાકમાં જોડાવાનું અડગ વલણ એ રાજ્યોએ અખત્યાર કર્યું.

કેટલાંક સંસ્થાનોમાં ગુલામીની પ્રથા વિરુદ્ધ પ્રબળ લાગણી પ્રવર્તતી હતી. એને પરિણામે, એક સંસ્થાને તો છેક 1769ની સાલમાં (દેશ સ્વતંત્ર થયો તે અગાઉ સાત વરસે) ગુલામીનો વેપાર બંધ કરવાનો કાયદો પસાર કર્યો હતો. પરંતુ ગુલામીના વેપારમાં બ્રિટિશરોનું આર્થિક હિત રહેલું હતું, એટલે ઇંગ્લેન્ડની પાર્લમેન્ટે એ કાયદાને રદબાતલ કર્યો હતો. આમ બ્રિટિશ સરકારે સંસ્થાનોમાં ગુલામીની પ્રથા જબરદસ્તીથી ટકાવી રાખી.

પરંતુ 1808ની સાલમાં યુનાઈટેડ સ્ટેઈટ્સની સંસદે ગુલામોની આયાત પર પ્રતિબંધ મૂક્યો. એ જ અરસામાં બ્રિટિશ સરકારે પણ, ત્યાંના લોકમતને વશવર્તીને, ગુલામીનો વેપાર બંધ કર્યો. એટલે પછી, ગુલામોની માંગ પૂરી પાડવાને, અમેરિકામાં જ દક્ષિણના રાજ્ય વરજીનિયામાં, પશુઉછેરની જેમ જ, ગુલામ-ઉછેરનો ભારે નફાકારક ધંધો ખીલ્યો.

બીજી બાજુએ ઉત્તરનાં રાજ્યોમાં લોકમત ગુલામીની પ્રથા વિરુદ્ધ થતો જતો હતો. યુનાઈટેડ સ્ટેઈટ્સનાં મૂળ તેર રાજ્યો પૈકી ઉત્તરનાં સાત રાજ્યોએ તો 1805ની સાલ પહેલાં

જ ગુલામીની પ્રથા નાબૂદ કરી હતી. એ રાજ્યોના લોકો સમગ્ર દેશમાંથી આ અમાનુષી પ્રથા જેમ બને તેમ જલદી નાબૂદ થાય એ માટે આતુર હતા.

ગુલામો, પશુઓની જેમ જ, તેમના માલિકોની મિલકત ગણાતા. માણસ તરીકેના તેમને કશા જ હક નહોતા. ગુલામોના માલિકો, પોતાની મરજી પ્રમાણે, ગુલામોને પોતાનાં બાળબચ્ચાંથી વિખૂટાં પાડીને પણ વેચી શકતા. ગુલામો કોઈ પ્રકારનાં હથિયારો ધારણ ન કરી શકે, માલિકની પરવાનગી વગર પોતાના રહેઠાણના વાડાની બહાર ન જઈ શકે, તેમ જ રાજમાર્ગો પર મુસાફરી ન કરી શકે. તેઓ અદાલતમાં સાક્ષી ન થઈ શકે. તેમને વાંચતાં-લખતાં શીખવાની અથવા શીખવવાની કાયદાથી બંધી ! ગુલામ સ્ત્રી પર અત્યાચાર ગુજારવામાં આવે, એ ગુનો ન ગણાય—કેવળ એ બાઈના માલિકની મિલકત પરનો ગેરકાયદે પ્રવેશ ગણાય ! માલિક ધારે ત્યારે સંતતિ માટે ગુલામ સ્ત્રી-પુરુષનો સંબંધ બળજબરીથી પણ કરાવી શકે. એ રીતે થયેલાં બાળકો ગુલામ માતાના માલિકની મિલકત ગણાય. ગુલામો પર અમાનુષી જુલમ ગુજારવામાં આવે, એ સામે તેમને કાયદાનું કશું જ રક્ષણ ન મળે. ગુલામ કુટુંબોને વિભક્ત કરીને—માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની વગેરેને છૂટાં પાડીને—જુદા જુદા ખરીદનારાઓને વેચી દેવામાં આવતાં, ત્યારે તો તેમની વેદના પરાકાષ્ઠાએ પહોંચતી. આ રીતે તેમને વેઠવી પડતી શારીરિક તેમ જ માનસિક યાતનાઓનું વર્ણન કર્યે જાય એમ નથી.

।

હતો અને કેમે કરીને તેમનાથી સહ્યો જતો નહોતો. પરિણામે, ખાસ કરીને ઉત્તરનાં રાજ્યોમાં એ પ્રથા સામે પ્રચંડ પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો. એ ગોઝારી પ્રથા નાબૂદ કરવાને ત્યાં એક જબરું આંદોલન શરૂ થયું અને તે વધુ ને વધુ ઉગ્ર બનતું ગયું. માનવમુક્તિના ધ્યેયવાળા આ આંદોલનમાં સાહિત્યકારો ભળ્યા, રાજદ્વારી પુરુષો ભળ્યા, સમાજસુધારકો અને ધર્મોપદેશકો પણ ભળ્યા. આદર્શવાદી તરુણોએ એમાં પોતાનાં જીવન સમર્પણ કર્યાં. દેશભરમાં ગુલામોની મુક્તિ માટે મંડળો સ્થપાયાં. એ મંડળો 'એબોલિશન સોસાયટી' નામે ઓળખાયાં અને તેના સભ્યો 'એબોલિશનિસ્ટ' નામથી.

ગુલામીની પ્રથાવાળાં દક્ષિણનાં રાજ્યોમાં, તેમ જ તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખનારાં ઉત્તરનાં ગુલામીરહિત રાજ્યોના કેટલાક લોકોમાં પણ, એ આંદોલન સામે વિરોધ ફાટી નીકળ્યો. 'એબોલિશનિસ્ટ' નામથી ઓળખાતા માનવ-સ્વતંત્રતાના ભેખધારીઓ પર તેમના એ વિરોધીઓએ ઘૃણા અને દ્વેષનો વરસાદ વરસાવ્યો તથા હરેક રીતે તેમની કનડગત કરવાના, તેમનાં ખૂન સુદ્ધાં કરવાના તથા તેમની માલમિલકત બાળી મૂકી તેમને તારાજ કરવાના, ઉપાયો અજમાવ્યા. પરંતુ 'એબોલિશન' આંદોલન વધુ ને વધુ વિસ્તરતું જ ગયું.

વળી, યુનાઈટેડ સ્ટેઈટ્સ પાસે હજી અણવસાવાયેલો અફાટ મુલક પડેલો હતો. તેવા જે કોઈ વિસ્તારમાં ગોરા વસાહતીઓની સંખ્યા અમુક પ્રમાણમાં થાય એટલે તેને રાજ્યનો દરજ્જો આપીને સંઘરાજ્યમાં દાખલ કરવામાં આવતું. આવાં નવાં રચાઈને પ્રજાસત્તાકમાં દાખલ થનારાં રાજ્યો ગુલામી

જે કોઈ વિસ્તારમાં ગોરા વસાહતીઓની સંખ્યા અમુક પ્રમાણમાં થાય એટલે તેને રાજ્યનો દરજ્જો આપીને સંઘરાજ્યમાં દાખલ કરવામાં આવતું. આવાં નવાં રચાઈને પ્રજાસત્તાકમાં દાખલ થનારાં રાજ્યો ગુલામી ચાલુ રાખનારાં હોય, તે માટે જ્યાં ગુલામી મોજૂદ હતી એવાં દક્ષિણનાં રાજ્યો અિંતેજાર રહેતાં. તો ગુલામીને નાબૂદ કરી ચૂકેલાં ઉત્તરનાં રાજ્યો એવું ઇચ્છતાં કે એ નવાં રાજ્યોમાં ગુલામી ન હોય. એ બાબતમાં પણ આખા રાષ્ટ્રમાં ઉગ્ર ઊહાપોહ જાગ્યો.

યુનાઈટેડ સ્ટેઈટ્સની એકતામાં જીવલેણ તડ પાડવાની હદે પહોંચેલો આ ઝઘડો શમાવવાને શાણા રાજપુરુષોએ વચલો માર્ગ કાઢ્યો અને 36.30 અક્ષાંશની ઉત્તરે (મસૂરી રાજ્યના અપવાદ સિવાય) નવાં રચાનારાં રાજ્યોમાં કાયદાથી ગુલામી પ્રથાનો નિષેધ ફરમાવ્યો. આમ છતાં એ ઝઘડો ઉત્તરોત્તર ઉગ્ર જ થતો ગયો.

આખરે, એ સવાલ એટલો બધો ભીષણ બન્યો કે યુનાઈટેડ સ્ટેઈટ્સના બીજા બધા સવાલો એની આગળ ગૌણ બની ગયા. ઉત્તરના લોકો ગમે તે ભોગે ગુલામી નાબૂદ કરવા અધીરા બન્યા; દક્ષિણના લોકોએ કોઈ પણ ઉપાયે તે ટકાવી રાખવાને કમર કસી. આમ એક જ દેશના નાગરિકો વચ્ચે દુશ્મનાવટ પેદા થઈ.

।

આ ભીષણ સંકટ એબ્રહામ લિંકનને કટિબદ્ધ થવાને હાકલ કરી રહ્યું હતું.

લિંકને પોતાના દેશના ઇતિહાસનો તથા રાજબંધારણનો ઊંડો અભ્યાસ કર્યો હતો, એટલે ગુલામીની પ્રથા મુલકમાં કેવી રીતે દાખલ થઈ તથા બંધારણ ઘડનારા ઉદારચરિત રાષ્ટ્ર-વિધાયકોને પણ ગુલામીની પ્રથાને બંધારણમાં મોઘમ માન્યતા શાથી આપવી પડી, એ તે બરાબર જાણતા હતા. લિંકન ગુલામીની પ્રથાના કટ્ટર અને અણનમ વિરોધી હતા, પરંતુ દેશના કાયદાઓનો ભંગ કરીને ગુલામીની પ્રથા કાયમ રાખવા, અથવા તેને નાબૂદ કરવા સામે પણ તેનો એટલો જ કટ્ટર વિરોધ હતો. તેનું વલણ એવું હતું કે આ સંબંધમાં જે કંઈ કરવું હોય તે દેશના બંધારણને અનુસરીને જ કરવું જોઈએ.

લિંકને ઇલનોય રાજ્યની વિધાનસભાના સભ્ય તરીકે સતત આઠ વરસ સુધી યશસ્વી સેવા બજાવી હતી. હવે સંસદના સભ્ય તરીકે તેણે પાટનગર વૉશિંગ્ટનમાં બેઠક લીધી.

વૉશિંગ્ટનમાં જ હબસી ગુલામોને પૂરી રાખવાનો એક વિશાળ તબેલો હતો. ત્યાં હબસી ગુલામોનું વેચાણ કરવામાં આવતું તથા દક્ષિણના ગુલામ-બજારમાં વેચવા માટે રવાના કરવામાં આવે ત્યાં સુધી તેમને ઘોડાની પેઠે તેમાં પૂરી રાખવામાં આવતા હતા. ગુલામીની પ્રથાને પહેલો ફટકો ત્યાં પાટનગરમાં, અને તે જેમાં આવેલું હતું તે કોલંબિયા જિલ્લામાં, મારવાનું લિંકને વિચાર્યું. મધ્યસ્થ સરકાર હેઠળના કોલંબિયા જિલ્લામાં ગુલામીની પ્રથા બંધ કરવાના કાયદાનો ખરડો તેણે ઘડી કાઢ્યો. કોઈની પણ મિલકત એમ ને એમ ખૂંચવી લેવાનો ખ્યાલ સરખો

પણ લિંકનની મૂળભૂત પ્રકૃતિની વિરુદ્ધ હતો, એટલે પોતાના ગુલામોને મુક્ત કરનાર માલિકોને યોગ્ય વળતર આપવાની પણ તેણે એ ખરડામાં જોગવાઈ કરી હતી. વળી, એ ખરડો જેમને સ્પર્શતો હતો તે કોલંબિયા જિલ્લાના મતદારોનો લોકમત લીધા પછી જ તેને કાયદાનું સ્વરૂપ મળે એવી જોગવાઈ પણ તેમાં હતી. આમ, લિંકનના એ ખરડામાં ન્યાય તેમ જ માનવતાનો સુમેળ સાધવામાં આવ્યો હતો.

પરંતુ, ગુલામોની મજૂરીથી વિશાળ પાયા પર ખેતી કરનારા દક્ષિણના સાધનસંપન્ન જમીનદારોનું હજી પાટનગરમાં પ્રભુત્વ હતું. એટલે લિંકનના એ ખરડા વિશે ત્યાં કોઈને લેશમાત્ર રસ નહોતો. વળી, સંસદનાં સૂત્રો જેમના હાથમાં હતાં એવા અગ્રગણ્ય રાજપુરુષો આવી નાજુક અને અગવડરૂપ બાબતની ચર્ચા ટાળવાને ઇંતેજાર હતા. એટલે, એક યા બીજે બહાને, ખરડો રજૂ કરવાનું સંસદની મુદત પૂરી થતાં સુધી તેમણે મોકૂફ રખાવ્યું. તેમને ખાતરી હતી કે આવો ખરડો રજૂ કરવાની બેવકૂફી કરનાર સભ્ય ફરીથી સંસદમાં ચૂંટાઈ આવે એ શક્ય જ નથી. તેમની એ ગણતરી સાચી પડી.

લિંકનને જેની દરકાર હતી એવું કશું રાજકારણમાં નથી, એ સંસદ-સભ્ય તરીકેની વૉશિંગ્ટનમાંની પોતાની કામગીરી દરમ્યાન તે બરાબર જોઈ ગયા હતા. એ રાજકારણ સર્વથા ધ્યેયશૂન્ય અને સ્વાર્થપ્રધાન હતું. વિશાળ ખેતરો ધરાવનારા દક્ષિણના વૈભવી ગુલામ-માલિકો

ઝંપલાવ્યું.

।

લિંકને તેનું પ્રથમ મહાન રાજકીય ભાષણ કર્યું તેમાં દક્ષિણના લોકોને દોષ દેવાનું એનું વલણ નહોતું. એટલું જ નહીં, એ સંબંધમાં તેમની મુશ્કેલી તેમ જ લાચારી એ બરાબર સમજતા હતા અને તેથી તેમના પ્રત્યે એના દિલમાં અપાર સમભાવ પણ હતો. માનવીની સારાશ કે બૂરાશ કોઈ એક જ સ્થળે સીમિત હોતી નથી, એ તે સારી રીતે જાણતા હતા. એટલે એણે કહ્યું: ‘‘તેમની સ્થિતિમાં આપણે (ઉત્તરના લોકો) પણ એમ જ કરત. તેમને ત્યાં ગુલામી મોજૂદ ન હોત તો, તેઓ તેને દાખલ કરત નહીં. આપણે ત્યાં ગુલામી મોજૂદ હોત તો, તત્કાળ આપણે તે નાબૂદ કરત નહીં.’’

પરંતુ ગુલામી જ્યાં મોજૂદ ન હોય ત્યાં તેને વિસ્તરવા દેવી યા દાખલ કરવી એ હડહડતો અન્યાય છે, એવું તે ખાતરીપૂર્વક માનતા હતા. એટલે તેણે કહ્યું: ‘‘હબસી પોતાનું શાસન ન કરે, એમ કહેવું એ સ્વશાસનના સિદ્ધાંતનો દ્રોહ છે. ગોરો માણસ પોતાનું શાસન કરે ત્યારે તે સ્વશાસન છે; પરંતુ તે વધુમાં બીજા મનુષ્યનું પણ શાસન કરે, તો એ આપખુદી છે, જોહુકમી છે. હું ભારપૂર્વક કહેવા માગું છું કે બીજા માણસની સંમતિ વિના તેનું શાસન કરવા જેટલો યોગ્ય મનુષ્ય કોઈ જ નથી. અમેરિકન પ્રજાસત્તાકવાદનો આ પાયાનો સિદ્ધાંત છે.’’

માણસમાત્રની સમાનતાની, અમેરિકન સ્વતંત્રતાના જાહેરનામાની ઉદાત્ત ભાવના ફરીથી પ્રગટ

ન કરે, એમ કહેવું એ સ્વશાસનના સિદ્ધાંતનો દ્રોહ છે. ગોરો માણસ પોતાનું શાસન કરે ત્યારે તે સ્વશાસન છે; પરંતુ તે વધુમાં બીજા મનુષ્યનું પણ શાસન કરે, તો એ આપખુદી છે, જોહુકમી છે. હું ભારપૂર્વક કહેવા માગું છું કે બીજા માણસની સંમતિ વિના તેનું શાસન કરવા જેટલો યોગ્ય મનુષ્ય કોઈ જ નથી. અમેરિકન પ્રજાસત્તાકવાદનો આ પાયાનો સિદ્ધાંત છે.''

માણસમાત્રની સમાનતાની, અમેરિકન સ્વતંત્રતાના જાહેરનામાની ઉદાત્ત ભાવના ફરીથી પ્રગટ કરવાની પોતાના દેશવાસીઓને અપીલ કરતાં તેણે કહ્યું: ''ઈશ્વરે માણસમાત્રને સમાન સરજ્યા છે, એમ જાહેર કરીને આપણે એક રાષ્ટ્ર તરીકે આરંભ કર્યો; પરંતુ બીજાઓને ગુલામ બનાવવા, એ કેટલાક લોકોને માટે 'સ્વશાસનનો પવિત્ર હક છે' એવી જાહેરાત કરવા જેટલા આપણે આજે નીચે ઊતર્યા છીએ. આ બે સિદ્ધાંતો એકસાથે રહી શકે નહીં.''

ઇલનોય રાજ્યના રિપબ્લીકન પક્ષના અધિવેશનમાં બોલતાં લિંકને કહ્યું: ''ગુલામ, કાનૂનની દૃષ્ટિથી વ્યક્તિ નહીં પણ **વસ્તુ** છે, એવું કાયદાના પુસ્તકમાં એક વાર મારા વાંચવામાં આવ્યું હતું. અને, સ્વતંત્રતાની રક્ષા કરનારી વાડો તોડી નાખવામાં આવે તેમ જ સઘળા હબસીઓને જ્યારે **વસ્તુઓ** બનાવી મૂકવામાં આવે ત્યારે, તમે વિચાર કરો કે, ગરીબ ગોરાઓને પણ **વસ્તુઓ** બનાવી મૂકતાં તેમને કેટલો સમય લાગશે વારુ ?..... સ્વતંત્રતાની બડાશો હાંકનાર આ મુલકને વસ્તુતઃ ગુલામીના મુલકમાં પલટી નાખવાની નજીક આપણે આવી પહોંચ્યા છીએ.''

ગુલામી જ્યાં મોજૂદ છે ત્યાં તેને નભાવી લેવી, કારણ કે બંધારણે તેને મંજૂર રાખી હતી, તથા સંઘરાજ્યને ટકાવી રાખવાને એમ કરવું જરૂરી હતું; પરંતુ તેને તેની અત્યારની સીમાની બહાર વિસ્તરવા ન દેવી જોઈએઃ લિંકનના રિપબ્લીકન પક્ષનો એ કાર્યક્રમ હતો.

જે સિદ્ધાંતો લિંકનને ગુલામીના વિસ્તારનો વિરોધ કરવાને પ્રેરતા હતા તે જ સિદ્ધાંતો, ગુલામી જ્યાં મોજૂદ હતી ત્યાં ગુલામોના માલિકો પ્રત્યે ખામોશી રાખવાને પણ પ્રેરતા હતા. ગુલામીને તે ખસૂસ અન્યાયયુક્ત માનતા હતા; પરંતુ પરિસ્થિતિવશાત્ યુનાઈટેડ સ્ટેઈટ્સના રાજબંધારણે ગુલામ-માલિકોનો હક માન્ય રાખ્યો હતો; એટલે કાળે કરીને ગુલામી તેને કુદરતી મોતે જ મરશે એવી આશા રાખી, પોતાની લાગણી દબાવીને લિંકન ખામોશી ધરતા હતા. આમ લિંકનની હિમાયત કાયદાને વશ વર્તવાની તથા રાજબંધારણને અનુસરવાની હતી. પરંતુ ગુલામી વિસ્તારવાના હિમાયતીઓ તો હબસીઓની સ્વતંત્રતાનો ભોગ આપવાને તૈયાર થાય છે એટલું જ નહીં, ખુદ પોતાની સ્વતંત્રતા જોખમાવવાને પણ તૈયાર થાય છે, એમ તે મક્કમપણે માનતા હતા. હબસીઓના હકો વિશે એક વાર ઉપેક્ષા ઊભી થઈ, પછી ક્યાં જઈને તે અટકશે ? આગળ ઉપર ગોરાઓના હકો પણ જોખમાશે, એવી તેને દહેશત રહેતી હતી. તે કહેઃ આખરે તેનું પરિણામ એ આવશે કે, ‘‘એક માણસ બીજાને ગુલામ બનાવવા તાકે તો, કોઈ પણ ત્રીજા માણસને એની સામે વાંધો ઉઠાવવાનો હક નહીં રહે.’’

લિંકન લોકશાહીના અનન્ય ઉપાસક હતા. એટલા માટે, તે જે કંઈ કરવા માગે છે તે બંધારણીય માર્ગે જ. હિંસાના હિમાયતી એક કટ્ટર એબોલિશનિસ્ટને તે આ પ્રમાણે સલાહ આપે છે: ‘‘જ્યાં મત મારફતે સ્થપાયેલી બહુમતી કાયદા દ્વારા શાસન કરતી હોય, એ લોકશાહીમાં હિંસક બંડ મૂળભૂત રીતે અન્યાયી અને રાજદ્રોહી છે... મતપેટી દ્વારા ક્રાંતિ કરો.’’

।

અન્યાય-નિવારણ સદા ધીમી પ્રક્રિયા હોય છે. સમાજમાં ઊંડાં મૂળ ઘાલીને બેઠેલી અન્યાયમૂલક બદીઓ, કુરૂઢિઓ વગેરે અનિષ્ટોનાં મૂળ ઘણાં ઊંડાં ઊતરેલાં હોય છે. વળી, તેમને ટકાવી રાખવામાં સમાજના કોઈ ને કોઈ માતબર વર્ગનું હિત સમાયેલું હોય છે. એટલે સુધારકોની એ અનિષ્ટો સામેની લડત તેમની શ્રદ્ધા તેમ જ ધીરજની કસોટી કરનારી હોય છે. એ સંજોગોમાં, ઢીલાપોચા સુધારકો હતાશ થઈને લડત છોડી દે છે, અને ઝનૂની સુધારકો અકળાઈને મરણિયા બને છે તથા સમજાવટનો, કાયદાનો, વાજબી પણ લાંબો માર્ગ તજીને, ટૂંકો દેખાતો, અત્યાચારનો ગેરવાજબી માર્ગ અપનાવે છે.

અમેરિકાના વીર પુરુષ જોન બ્રાઉનની બાબતમાં કંઈક આવું જ બનવા પામ્યું હતું. તેની સમગ્ર કારકિર્દી અતિશય રોમાંચક છે, અને એથીયે વિશેષ કરુણ છે. રોમાંચક એટલા માટે કે, જેને તે અન્યાય લેખતા હતા તેના નિવારણ અર્થે તેણે ભેખ લીધો, અતિશય ગરીબાઈ

આવેલા ગોરા યાત્રી વડવાઓના જોન બ્રાઉન એક વંશજ હતા. તેના બે દાદાઓ અમેરિકાનાં સંસ્થાનોના ઇંગ્લેન્ડ સામેના સ્વાતંત્ર્ય-યુદ્ધમાં લડ્યા હતા. નાનપણથી જ તે અતિશય ધર્મપરાયણ હતા, અને 'બાઇબલ'નો પાઠ કરવાનો તેનો નિત્યક્રમ હતો. સામાન્ય કાળમાં તેણે એક અતિશય ધર્મપરાયણ, ઉદાર, પરગજુ, પરદુખભંજક અને નિરુપદ્રવી પુરુષ તરીકે, શાંતિથી પોતાનું જીવન વિતાવ્યું હોત. પરંતુ જોન બ્રાઉન અસામાન્ય સમયમાં જન્મ્યા હતા. ઈશ્વર અને સ્વતંત્રતા એ બે તેના આરાધ્યદેવો હતા, અને એ બંનેને માટે ચાહે તે કરવાને તથા સહેવાને તે તત્પર હતા. હબસીઓની ગુલામી એને કઠતી હતી, અસહ્ય લાગતી હતી. માનવતા પરના એ ઘોર અન્યાય સામેનો તેનો રોષ અને વિરોધ વધતો જ ગયો. પરિણામે આરામ, સુખસગવડ, શાંતિ તેને માટે હરામ થઈ પડ્યાં. છેવટે, પોતાનું જીવતર સુદ્ધાં તેને અકારું થઈ પડ્યું. એટલે પોતાનો ધંધો-રોજગાર તજીને એ અન્યાયના નિવારણ અર્થે તેણે ભેખ લીધો. હવે તેણે હબસી ગુલામોની મુક્તિને અર્થે કઠોર ગરીબાઈ, હાડમારી અને પારાવાર જોખમનું જીવન અપનાવ્યું. પતિ-પરાયણ તેની પત્નીએ અને પિતૃભક્ત તેનાં અઢાર સંતાનોએ પણ સહર્ષ તે અપનાવ્યું.

જોન બ્રાઉને પ્રથમ તો ગુલામોને તેમના અમેરિકન માલિકોના ક્રૂર પંજામાંથી ભગાડીને કેનેડાની મુક્ત ભૂમિ સુધી પહોંચાડવાનું જોખમભર્યું કાર્ય ઉપાડ્યું. એ રીતે ભગાડવામાં આવેલા ગુલામોને આશરો તથા મદદ આપવાને, દક્ષિણનાં ગુલામીયુક્ત રાજ્યોથી માંડીને ઠેઠ કેનેડાની સરહદ સુધી ઠેકઠેકાણે ગુપ્ત થાણાંઓ હતાં. ભાગી છૂટેલા ગુલામોને એ થાણાંમાં દિવસ દરમ્યાન આશરો મળતો, અને રાત્રે ત્યાંથી

શાંતિ તેને માટે હરામ થઈ પડ્યાં. છેવટે, પોતાનું જીવતર સુદ્ધાં તેને અકારું થઈ પડ્યું. એટલે પોતાનો ધંધો-રોજગાર તજીને એ અન્યાયના નિવારણ અર્થે તેણે ભેખ લીધો. હવે તેણે હબસી ગુલામોની મુક્તિને અર્થે કઠોર ગરીબાઈ, હાડમારી અને પારાવાર જોખમનું જીવન અપનાવ્યું. પતિ-પરાયણ તેની પત્નીએ અને પિતૃભક્ત તેનાં અઢાર સંતાનોએ પણ સહર્ષ તે અપનાવ્યું.

જોન બ્રાઉને પ્રથમ તો ગુલામોને તેમના અમેરિકન માલિકોના ક્રૂર પંજામાંથી ભગાડીને કેનેડાની મુક્ત ભૂમિ સુધી પહોંચાડવાનું જોખમભર્યું કાર્ય ઉપાડ્યું. એ રીતે ભગાડવામાં આવેલા ગુલામોને આશરો તથા મદદ આપવાને, દક્ષિણનાં ગુલામીયુક્ત રાજ્યોથી માંડીને ઠેઠ કેનેડાની સરહદ સુધી ઠેકઠેકાણે ગુપ્ત થાણાંઓ હતાં. ભાગી છૂટેલા ગુલામોને એ થાણાંમાં દિવસ દરમ્યાન આશરો મળતો, અને રાત્રે ત્યાંથી તેમને આગળના એવા બીજા સ્થળે પહોંચાડવામાં આવતા. લગભગ અઢી હજાર માઈલ જેટલા લાંબા અંતર સુધી આવી સળંગ વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંકેતિક ભાષામાં તેને ''ભૂગર્ભ રેલવે'' એવું નામ આપવામાં આવ્યું હતું.

પરંતુ કાયદાનો ભંગ કરીને આ રીતે ગણ્યાગાંઠ્યા ગુલામોને કેનેડા પહોંચાડી તેમને મુક્ત કરવામાત્રથી બ્રાઉનના આત્માને સંતોષ થયો નહીં. તે તો આ ઈશ્વરદ્રોહી તેમ જ મનુષ્યદ્રોહી એવી ગુલામીની પ્રથાને એક ઝાટકે નિર્મૂળ કરવા ચાહતા હતા. એવામાં ''લોહી નિંગળતા'' કેન્સાસ રાજ્યનો આર્તનાદ તેના કાને અથડાયો. કેન્સાસમાં, પાડોશના ગુલામીવાળા મસૂરી રાજ્યમાંથી

ગુલામી-તરફી હુમલાખોરોનાં ધાડાં આવીને ત્યાંના ગુલામી-વિરોધી રહેવાસીઓ પર કારમા અત્યાચારો ગુજારતાં હતાં, તેમનાં ઘરબાર લૂંટતાં તથા બાળતાં હતાં અને તેમનાં સ્ત્રીબાળકોની કરપીણ હત્યા કરતાં હતાં. એ બધું જાણી બ્રાઉનનો પરદુખભંજક આત્મા કકળી ઊઠ્યો. જુલમનો ભોગ બનતા કેન્સાસના ગુલામી-વિરોધી રહેવાસીઓને મદદ કરવાને તેણે પોતાના પાંચ પુત્રોને તત્કાળ ત્યાં રવાના કર્યા, અને પછી પોતે પણ ત્યાં જઈ પહોંચ્યા. ત્યાં ઘોર જંગલમાં તેણે પુત્રો સાથે પડાવ નાખ્યો, અને કેન્સાસવાસીઓ પર અત્યાચાર ગુજારનારાઓ પર સામેથી તેણે પણ એવા જ અત્યાચારો ગુજારવા માંડ્યા ને તેમને તોબા તોબા પોકરાવ્યા.

પોતે જે કાંઈ કરતા હતા એ બધું ‘બાઇબલ’ના આદેશ પ્રમાણે જ અને ધર્મબુદ્ધિથી જ કરતા હતા, એમ જોન બ્રાઉન ખાતરીપૂર્વક માનતા હતા. ઈશ્વરના હાથમાં પોતે એક સાધનરૂપ જ છે, અને તેની ઇચ્છા પ્રમાણે જ કાર્ય કરી રહ્યા છે, એ વિશે તેના મનમાં લવલેશ શંકા નહોતી. બ્રાઉન, તેના પુત્રો અને જૂજ સાથીઓ તેમના કરતાં ઘણી મોટી સંખ્યા ધરાવનારા હુમલાખોરોને એવા તો મારી હઠાવતા કે, ફરીથી તેમની સામે આવવાની હિંમત જ તેઓ કરી શકતા નહીં. સરકારનું સૈન્ય પણ તેમની સમીપ જવાની હિંમત કરી શકતું નહોતું. આથી, બ્રાઉનને બહારવટિયો જાહેર કરી તેના માથા માટે ઈનામ જાહેર કરવાની સરકારને ફરજ પડી. પણ એ ખુદાના બંદા તો ભય શું છે એ જાણતા જ નહોતા. તે હંમેશા કહેતા કે, ઈશ્વરથી

હું એટલો બધો ડરું છું કે પછી બીજો કોઈ પણ ભય મને ડરાવી શકતો જ નથી.

સામસામી ઝપાઝપીમાં કોઈ માણસ પકડાય અથવા શરણે આવે, એટલે તે બ્રાઉનનો દુશ્મન મટી જતો અને સેવ્ય બનતો. પછી તેને માટે બ્રાઉનના દિલમાં અખૂટ દયા અને સમભાવ જ ઊભરાતાં. તેને તે માનભેર રાખતા, પ્રેમથી તેની ખાતર-બરદાસ કરતા અને તે ઘાયલ થયો હોય તો લાગણીપૂર્વક તેની સેવાચાકરી કરતા.

।

પણ બ્રાઉનના આત્માને એટલામાત્રથી સંતોશ નહોતો. દીનહીન ગુલામોની પરાધીનતા અને દુર્દશા તેને વધારે જલદ પગલું ભરવાને પ્રેરી રહી હતી. ગુલામો પાસે બળવો કરાવી, તેમનું લશ્કર બનાવી, દક્ષિણ પર ચડાઈ કરી, સઘળા ગુલામોને બંધનમુક્ત કરવાનો તેણે હવે નિશ્ચય કર્યો. એ માટે શસ્ત્રો અને દારૂગોળો જોઈએ. એ મેળવવાને, જ્યાં સરકારી શસ્ત્રાગાર અને શસ્ત્રોનું કારખાનું હતું એ હેપર્સ ફેરી નામના કસબાનો કબજો લેવાનો તેણે નિર્ણય કર્યો. પોતાની એ યોજના તેણે વિશ્વાસુ સાથીઓને જણાવી. શેખચલ્લીના જેવી તરંગી એ યોજનાનો તેમણે સખત વિરોધ કર્યો અને એવું અવિચારી જોખમ ન ખેડવાને તેને સમજાવ્યા. પણ બ્રાઉનને મન કશું જ અશક્ય નહોતું, અને જોખમ સાથે તો તેને મહોબત હતી. એક માનવી અને ઈશ્વર મળીને, ધારે તો, આખા વિશ્વને અચૂક ઉથલાવી નાખી શકે એમ તે શ્રદ્ધાપૂર્વક માનતા

અને હિંમતભર્યા હુમલાથી હેપર્સ ફેરીના લોકો હેબતાઈ ગયા. તેમણે માન્યું કે મોટું લશ્કર લઈને આવેલા કોઈક માણસનું એ કામ છે.

આ ભીષણ બનાવની ખબરથી આખા દેશમાં અરેરાટી ફેલાઈ ગઈ. અગાઉના વખતમાં નાટ ટર્નર નામના ગુલામે બળવો પોકારેલો ત્યારે ગોરાઓનાં ઘરો લૂંટવા-બાળવામાં આવેલાં તથા સ્ત્રી-બાળકોને સુદ્ધાં નિર્દય રીતે રહેંસી નાખવામાં આવ્યાં હતાં, તેનું પુનરાવર્તન થશે કે શું, એમ વિચારીને દેશ હબકી ઊઠ્યો. બીજે દિવસે રોબર્ટ લી નામના લશ્કરી અમલદારે સૈનિકો સાથે તાબડતોબ હેપર્સ ફેરી પહોંચી જઈને શસ્ત્રાગારનો કબજો લેનારાઓને જેર કર્યા, ત્યારે જ લોકોનો જીવ હેઠો બેઠો.

શસ્ત્રાગારનો કબજો લેનારા અઢાર માણસો, તેમના પૈકી બે સિવાયના બધા જ મરાયા કે ઘાયલ થઈને ઢળી પડ્યા ત્યાં સુધી, કર્નલ લીની ટુકડી સાથે લડ્યા. પોતાના પુત્રનું શબ તેના પગ આગળ ઢળી પડ્યું તોયે બ્રાઉને મચક ન આપી. મરણતોલ ઘાયલ કર્યા પછી જ તેને પકડી શકાયા.

ખૂન, રાજદ્રોહ તથા બળવો કરવાને ગુલામોને ઉશ્કેરવાના આરોપો માટે બ્રાઉન પર અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. તેનો બચાવ કરવાને ઉત્તરના મિત્રોએ નામાંકિત વકીલોને મોકલ્યા. પણ બ્રાઉનને તેનો બચાવ કરવા કોઈ વકીલની જરૂર નહોતી. પોતાનો બચાવ કરવાને તે એકલા જ સમર્થ હતા. ગુનેગાર પોતે નથી, પણ ગુલામી જેવા અમાનુષી અન્યાયને સાંખી લેનાર સમગ્ર રાષ્ટ્ર છે, એની તેને ગળા સુધી ખાતરી હતી. એટલે તે નિશ્ચિંત હતા, અને પોતાના જીવનનો હિસાબ આપવાને પોતાના

કે શું, એમ વિચારીને દેશ હબકી ઊઠ્યો. બીજે દિવસે રોબર્ટ લી નામના લશ્કરી અમલદારે સૈનિકો સાથે તાબડતોબ હેપર્સ ફેરી પહોંચી જઈને શસ્ત્રાગારનો કબજો લેનારાઓને જેર કર્યા, ત્યારે જ લોકોનો જીવ હેઠો બેઠો.

શસ્ત્રાગારનો કબજો લેનારા અઢાર માણસો, તેમના પૈકી બે સિવાયના બધા જ મરાયા કે ઘાયલ થઈને ઢળી પડ્યા ત્યાં સુધી, કર્નલ લીની ટુકડી સાથે લડ્યા. પોતાના પુત્રનું શબ તેના પગ આગળ ઢળી પડ્યું તોયે બ્રાઉને મચક ન આપી. મરણતોલ ઘાયલ કર્યા પછી જ તેને પકડી શકાયા.

ખૂન, રાજદ્રોહ તથા બળવો કરવાને ગુલામોને ઉશ્કેરવાના આરોપો માટે બ્રાઉન પર અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. તેનો બચાવ કરવાને ઉત્તરના મિત્રોએ નામાંકિત વકીલોને મોકલ્યા. પણ બ્રાઉનને તેનો બચાવ કરવા કોઈ વકીલની જરૂર નહોતી. પોતાનો બચાવ કરવાને તે એકલા જ સમર્થ હતા. ગુનેગાર પોતે નથી, પણ ગુલામી જેવા અમાનુષી અન્યાયને સાંખી લેનાર સમગ્ર રાષ્ટ્ર છે, એની તેને ગળા સુધી ખાતરી હતી. એટલે તે નિશ્ચિંત હતા, અને પોતાના જીવનનો હિસાબ આપવાને પોતાના સરનજહાર સમક્ષ ખડા થવા કોઈ પણ પળે તૈયાર હતા.

એથી કરીને તેને ગુનેગારના પાંજરામાં ખડા કરવામાં આવ્યા હતા છતાં, પોતાની અડગ ધ્યેયનિષ્ઠાથી, સચ્ચાઈથી અને એક વીરને છાજે તેવા ગૌરવયુક્ત તેના વર્તાવથી આખી અદાલતને, તેના પર કામ ચલાવનારાઓને તથા સમગ્ર રાષ્ટ્રને જ તેણે અપરાધીના પાંજરામાં મૂકી દીધાં. તેના

તેજ આગળ એ સૌ ઝંખવાણાં પડી ગયાં. પણ અદાલતે તો તેને ગુનેગાર ઠરાવ્યા અને ફાંસીની સજા ફરમાવી. પૂરી સ્વસ્થતાથી તેણે એ વધાવી લીધી અને અદાલતને ઉદ્દેશીને કહ્યું :

"હું જોઉં છું કે, અહીં સોગંદવિધિ વખતે એક પુસ્તકને ચૂમવામાં આવે છે. એ 'બાઇબલ' છે. એ પુસ્તકના ઉપદેશ પ્રમાણે આચરણ કરવાનો મેં પ્રયત્ન કર્યો. હું ગરીબોને માટે લડ્યો એ વાજબી હતું, કારણ કે ઈશ્વર આગળ સૌ સમાન છે. હવે, ન્યાયના હેતુને અર્થે મારે મારો પ્રાણ ગુમાવવો જોઈએ અને મારાં સંતાનોના રુધિર સાથે, તથા ક્રૂર અને અન્યાયી કાયદાઓ દ્વારા આ ગુલામોના દેશમાં જેમના હકોની અવગણના કરવામાં આવે છે એવા લાખો લોકોના રુધિર સાથે, મારું રુધિર મેળવવું એ જરૂરી લેખવામાં આવતું હોય તો..... હું કહું છું કે ભલે તેમ થાઓ."

ફાંસીની સજા પામેલા જોન બ્રાઉનને સખત ચોકીપહેરા નીચે જેલમાં રાખવામાં આવ્યા હતા, ત્યાંથી તેને ઊપાડી જવાની તેના મિત્રોએ યોજના ઘડી. પણ બ્રાઉને તેમને સંદેશો મોકલ્યો કે, મર્યા પછી જ સ્વતંત્રતાને માટે હું વધારે ઉપયોગી થઈ પડીશ. ભાગી છૂટવા કરતાં સ્વતંત્રતાની વેદી પર પોતાનું બલિદાન આપવાનું જ તેણે પસંદ કર્યું. દેશના જુવાનોમાં તે એક યાદગીરીરૂપ બનવા ચાહતા હતા. તેની ઉંમર ઓગણસાઠ વરસની હતી, પણ તેની પડખે રહીને લડતાં લડતાં ધ્યેયને અર્થે ખપી જનારાઓની સરેરાશ ઉંમર માત્ર પચીસ વરસની હતી.

એક મહિના બાદ તેને ફાંસીએ લટકાવવામાં આવ્યા. આ ધરતી પરના છેલ્લા દિવસો

તેણે ફાંસીખોલીમાં અપૂર્વ શાંતિ તથા કર્તવ્ય બજાવ્યાના સમાધાનપૂર્વક વિતાવ્યા. તે એક પ્રકારની કૃતકૃત્યતા, સાર્થકતા અનુભવી રહ્યા હતા. મોતની કોટડીમાંથી તેણે એક પાદરીને પત્રમાં લખ્યું: ‘‘તેઓ ભલે મને ફાંસીએ લટકાવે. હું તેમને માફ કરું છું, અને ઈશ્વર પણ તેમને માફ કરો કારણ કે, પોતે શું કરી રહ્યા છે એ તેઓ જાણતા નથી.’’

તા. 2 ડિસેમ્બરે સવારે બ્રાઉનને તેની ખોલીમાંથી લઈ જવામાં આવ્યા. તેને કશું પણ બોલવા દેવામાં નહીં આવે એમ જેલરે કહ્યું, ત્યારે બ્રાઉને કાગળની એક કાપલી તેના હાથમાં મૂકી—એ તેનો આખરી સંદેશો હતો: ‘‘હું જોન બ્રાઉન, ખાતરીપૂર્વક માનું છું કે આ અપરાધી મુલકનાં પાપ લોહી રેડ્યા વિના કદી પણ ધોવાવાનાં નથી. ઝાઝી ખુનામરકી વિના એ થઈ શકશે એવી મારી ધારણા વ્યર્થ હતી, એમ હવે મને લાગે છે.’’

ફરતા ત્રણ હજાર બંદૂકધારી સૈનિકો ખડા હતા, અને ફાંસીના માંચડાનાં પગથિયાં તે મક્કમ પગલે ચડ્યા. મરણની સન્મુખે બ્રાઉનની સ્વસ્થતા, અડગતા, નિર્ભયતા તથા બેફિકરાઈ જોઈને તેના વિરોધીઓ પણ આશ્ચર્યચકિત થયા. જરા સરખા પણ થડકાટ વિના, શાંતિથી તે મરણને ભેટ્યા. એમરસન, થોરો, લોંગફેલો તથા વિક્ટર હ્યુગો જેવા જગમશહૂર વિચારકો ને સાહિત્યકારોએ આગળ જતાં તેની તુલના ઈશુ ખ્રિસ્ત, સોક્રેટીસ તથા દુનિયાના બીજા અમર શહીદો સાથે કરી.

સંઘરાજ્યના નાશનું, આંતરવિગ્રહનું, જોખમ પેદા થતું હોય તો એ જોખમ ખેડવા કરતાં ગુલામીની બાબતમાં નમતું આપવાને તેઓ બહેતર લેખતા હતા.

આમ, રાષ્ટ્રની એ ભીષણ કટોકટીને પ્રસંગે યુનાઈટેડ સ્ટેઈટ્સના લોકો ત્રણ વિભાગમાં વહેંચાઈ ગયા હતા. એ વખતે એકમાત્ર લિંકન જ એવા હતા કે જે, બંધારણે ગુલામીની પ્રથા માન્ય રાખી હતી તેથી તેની મોજૂદ સીમાની અંદર તેને મર્યાદિત રાખવા તથા, તે ટકે કે નાબૂદ થાય એની પરવા કર્યા વિના, કોઈ પણ ઉપાયે સંઘરાજ્યને ટકાવી રાખવા કૃતનિશ્ચયી હતા. એ માટે આંતરવિગ્રહનું જોખમ ખેડવું જ પડે તો, નિરુપાયે ને નછૂટકે એ જોખમ ઉઠાવવાને પણ તે તૈયાર હતા.

દેશમાં માનવીની સ્વતંત્રતા સામે ખડા થયેલા જોખમની બાબતમાં પોતાના દેશવાસીઓને જાગ્રત કરવાના કાર્યમાં હવે લિંકન પોતાનો બધો સમય ખરચે છે. તે કહે છે:

‘‘આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરનારો ગઢ કયો છે ? તોપોથી સુસજ્જ આપણાં લડાયક જહાજો અથવા આપણું બહાદુર લશ્કર એ ગઢ નથી. આપણા દેશમાં જુલમનું રાજ્ય ન સ્થપાય એ માટે આપણે તેમના પર આધાર ન રાખી શકીએ. એ બધાંને, આપણી સ્વતંત્રતાની સામે પણ વાળી શકાય છે.

‘‘આપણો આધાર તો, આપણા દિલમાં ઈશ્વરે મૂકેલા સ્વાતંત્ર્ય-પ્રેમ પર છે. સ્વતંત્રતાને સઘળા દેશમાં, સર્વત્ર, માણસમાત્રના અમૂલ્ય વારસા તરીકે લેખનાર ભાવના જાળવી રાખવી, એમાં આપણું રક્ષણ રહેલું છે. એ ભાવનાનો નાશ કરો અને જાણજો કે, તમારા પોતાના આંગણાની આસપાસ જુલમી

વહેંચાઈ ગયા હતા. એ વખતે એકમાત્ર લિંકન જ એવા હતા કે જે, બંધારણે ગુલામીની પ્રથા માન્ય રાખી હતી તેથી તેની મોજૂદ સીમાની અંદર તેને મર્યાદિત રાખવા તથા, તે ટકે કે નાબૂદ થાય એની પરવા કર્યા વિના, કોઈ પણ ઉપાયે સંઘરાજ્યને ટકાવી રાખવા કૃતનિશ્ચયી હતા. એ માટે આંતરવિગ્રહનું જોખમ ખેડવું જ પડે તો, નિરુપાયે ને નછૂટકે એ જોખમ ઉઠાવવાને પણ તે તૈયાર હતા.

દેશમાં માનવીની સ્વતંત્રતા સામે ખડા થયેલા જોખમની બાબતમાં પોતાના દેશવાસીઓને જાગ્રત કરવાના કાર્યમાં હવે લિંકન પોતાનો બધો સમય ખરચે છે. તે કહે છે :

''આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરનારો ગઢ કયો છે ? તોપોથી સુસજ્જ આપણાં લડાયક જહાજો અથવા આપણું બહાદુર લશ્કર એ ગઢ નથી. આપણા દેશમાં જુલમનું રાજ્ય ન સ્થપાય એ માટે આપણે તેમના પર આધાર ન રાખી શકીએ. એ બધાંને, આપણી સ્વતંત્રતાની સામે પણ વાળી શકાય છે.

''આપણો આધાર તો, આપણા દિલમાં ઈશ્વરે મૂકેલા સ્વાતંત્ર્ય-પ્રેમ પર છે. સ્વતંત્રતાને સઘળા દેશમાં, સર્વત્ર, માણસમાત્રના અમૂલ્ય વારસા તરીકે લેખનાર ભાવના જાળવી રાખવી, એમાં આપણું રક્ષણ રહેલું છે. એ ભાવનાનો નાશ કરો અને જાણજો કે, તમારા પોતાના આંગણાની આસપાસ જુલમી શાસનનાં બીજ તમે વાવી રહ્યાં છો. ગુલામીની જંજીર સાથે

મહોબત કરો, અને જાણજો કે એ પહેરવાને તમારા હાથપગને તમે તૈયાર કરી રહ્યા છો.

“તમારી આસપાસના માણસોના હકને ચગદી નાખવાને ટેવાયેલા એવા તમે, સ્વતંત્રતાની તમારી પોતાની પ્રકૃતિ ખોઈ બેઠા છો અને, એ રીતે, તમારામાં જે કોઈ પહેલો ચતુર જુલમગાર પેદા થાય તેની તાબેદાર રૈયત તમે બનશો.”

।

1860ના નવેમ્બરમાં લિંકન પ્રમુખ ચૂંટાયાની સાથે જ સંઘરાજ્યમાંથી નીકળી જવાની માગણી કરતી સભાઓ દક્ષિણમાં ઠેર ઠેર ભરાઈ. દક્ષિણનાં કેટલાંક રાજ્યોની વિધાનસભાઓએ સૈનિકોની ભરતી કરવાના તથા તેમને યુદ્ધની તાલીમ આપવાના ઠરાવો કર્યા તેમ જ શસ્ત્રસરંજામ ખરીદવા માટે મોટી મોટી રકમો મંજૂર કરી. સાઉથ કેરોલીના રાજ્યે સંઘરાજ્યમાંથી નીકળી જવાની પહેલ કરી. એ પછી દક્ષિણનાં બીજાં છ ગુલામીવાળાં રાજ્યો પણ નીકળી ગયાં. સંઘરાજ્ય સામે બળવો પોકારનારાં એ રાજ્યોએ તેમના પ્રદેશમાં આવેલી ટંકશાળો, પોસ્ટ ઓફિસો તથા કસ્ટમ ઓફિસોનો કબજો લીધો. સંઘરાજ્યના કિલ્લાઓનો તેમ જ શસ્ત્રાગારોનો પણ કબજો લેવામાં આવ્યો. પોસ્ટ માસ્તરો, ન્યાયાધીશો, અમલદારો વગેરેએ સેંકડોની સંખ્યામાં પોતાનાં રાજીનામાં વોશિંગ્ટન મોકલી આપ્યાં. ટૂંક સમયમાં નિવૃત્ત થનાર સંઘરાજ્યના તત્કાલીન પ્રમુખ તથા એના કેટલાક મંત્રીઓ એ બધી રાજદ્રોહી પ્રવૃત્તિઓ તરફ

આંખ આડા કાન કરી રહ્યા હતા ત્યારે, ચૂંટાયેલા નવા પ્રમુખ એબ્રહામ લિંકન એ વિકટ સ્થિતિમાં શું કરવું એ પોતાના અંતરાત્માને પૂછી રહ્યા હતા. નવેમ્બરમાં તે ચૂંટાયા હતા અને માર્ચમાં પ્રમુખનો હોદ્દો ધારણ કરનાર હતા.

દરમ્યાન, છૂટાં પડી ગયેલાં દક્ષિણનાં રાજ્યોના પ્રતિનિધિઓ મળ્યા અને તેમણે પોતાના અલગ નવા સંઘરાજ્યની સ્થાપના કરી. 'કોન્ફેડરેટ સ્ટેઈટ્સ ઓફ અમેરિકા' એવું નામ તેને આપવામાં આવ્યું. જેફરસન ડેવીસને તેના પ્રમુખ ચૂંટવામાં આવ્યા.

આખરે હોદ્દાગ્રહણનો દિવસ આવ્યો. પ્રમુખના હોદ્દાના સોગંદ લીધા બાદ, કાળજીપૂર્વક તૈયાર કરેલું પોતાનું વ્યાખ્યાન લિંકને મક્કમ સ્વરે વાંચવા માંડ્યું. સંઘરાજ્યને તોડીફોડી નાખીને પોતાનું અલગ રાજ્ય સ્થાપવાના પ્રયાસોનો ઉલ્લેખ કરીને લિંકને સાફ સાફ જણાવ્યું કે, ''હું માનું છું કે રાજ્યોનો આ સંઘ શાસ્વત છે. કોઈ પણ રાજ્ય કાયદેસર રીતે સંઘરાજ્યમાંથી નીકળી જઈ શકે નહીં. કોઈ પણ રાજ્યની અંદર યુનાઈટેડ સ્ટેઈટ્સની સત્તા સામેનાં હિંસાનાં કૃત્યો રાજદ્રોહ છે. બંધારણ સાફ સાફ શબ્દોમાં મને આદેશ આપે છે તે પ્રમાણે, બધાં જ રાજ્યોમાં સંઘરાજ્યના કાયદાઓનો વફાદારીપૂર્વક અમલ કરવામાં આવે એ જોવાને હું મારી સઘળી શક્તિ કામે લગાડીશ. સંઘરાજ્ય પોતાની હસ્તી ટકાવી રાખશે અને પોતાનું રક્ષણ કરશે. હું વિશ્વાસ રાખું છું કે આ વસ્તુને ધમકી તરીકે નહીં પણ કેવળ તેના જગજાહેર હેતુ તરીકે લેખવામાં આવશે.''

હીર વધુ ને વધુ પ્રગટ કરતી ગઈ.

આંતરવિગ્રહનો આરંભ દક્ષિણના બળવાખોરો સામેના યુદ્ધથી થયો હતો. પણ બળવાખોરોને સહેલાઈથી હરાવી શકાશે, એવી ધારણા ખોટી પડી. યુદ્ધ લંબાયું. લિંકન હવે એવા નિર્ણય પર આવ્યા કે ગુલામી નાબૂદ કરવી એ યુદ્ધ જીતવા માટેની અનિવાર્ય આવશ્યકતા છે. યુદ્ધમાં વિજય મેળવવા માટે તેના મૂળભૂત કારણને નિર્મૂળ કરવું જ જોઈએ. એ વસ્તુ લક્ષમાં રાખીને લિંકને ગુલામોને મુક્ત કરવા માટેનો ઢંઢેરો 1862ના જુલાઈમાં ઘડી કાઢ્યો. તેમાં જાહેર કરવામાં આવ્યું કે 1863ના જાન્યુઆરીની પહેલી તારીખે ''જ્યાં આગળ યુનાઈટેડ સ્ટેઈટ્સની બંધારણીય સત્તા વહેવારમાં માન્ય રાખવામાં આવતી ન હોય એવાં રાજ્યોની અંદર ગુલામો તરીકે રાખવામાં આવતા સઘળા મનુષ્યો સદાને માટે મુક્ત થશે.''

ગુલામોને મુક્ત કરવાની ઉપર્યુક્ત જોગવાઈ કેવળ સંઘરાજ્ય સામે બળવો કરનારાં રાજ્યોને જ લાગુ પડતી હતી. એ રાજ્યોમાંના ગુલામ-માલિકો પોતાના ગુલામો ગુમાવતા હતા; પરંતુ સંઘરાજ્યને વફાદાર રહેલાં રાજ્યોમાંના માલિકોને ગુલામોની પોતાની મિલકત રાખવાની છૂટ રહેતી હતી.

1863ના નવા વરસને દિવસે લિંકને મુક્તિના ઢંઢેરા પર સહી કરી. પોતાની કલમના એક લસરકામાત્રથી, સેંકડો વરસથી પારાવાર યાતનાઓ વેઠતા આવેલા લાખો લોકોની ગુલામીની બેડીઓ તૂટશે તથા દુનિયામાં માનવીની સમાનતાનો યુગ આરંભાશે, એ લિંકન સારી પેઠે જાણતા હતા.

ચહેરા પરથી નીતરતાં અપાર કરુણા, હમદર્દી તથા ખામોશી તેના કંઈક બેડોળ મુખને અવર્ણીય પ્રતિભા અર્પતાં હતાં. આકરી તાવણીઓ લિંકનનું હીર વધુ ને વધુ પ્રગટ કરતી ગઈ.

આંતરવિગ્રહનો આરંભ દક્ષિણના બળવાખોરો સામેના યુદ્ધથી થયો હતો. પણ બળવાખોરોને સહેલાઈથી હરાવી શકાશે, એવી ધારણા ખોટી પડી. યુદ્ધ લંબાયું. લિંકન હવે એવા નિર્ણય પર આવ્યા કે ગુલામી નાબૂદ કરવી એ યુદ્ધ જીતવા માટેની અનિવાર્ય આવશ્યકતા છે. યુદ્ધમાં વિજય મેળવવા માટે તેના મૂળભૂત કારણને નિર્મૂળ કરવું જ જોઈએ. એ વસ્તુ લક્ષમાં રાખીને લિંકને ગુલામોને મુક્ત કરવા માટેનો ઢંઢેરો 1862ના જુલાઈમાં ઘડી કાઢ્યો. તેમાં જાહેર કરવામાં આવ્યું કે 1863ના જાન્યુઆરીની પહેલી તારીખે ‘‘જ્યાં આગળ યુનાઈટેડ સ્ટેઈટ્સની બંધારણીય સત્તા વહેવારમાં માન્ય રાખવામાં આવતી ન હોય એવાં રાજ્યોની અંદર ગુલામો તરીકે રાખવામાં આવતા સઘળા મનુષ્યો સદાને માટે મુક્ત થશે.’’

ગુલામોને મુક્ત કરવાની ઉપર્યુક્ત જોગવાઈ કેવળ સંઘરાજ્ય સામે બળવો કરનારાં રાજ્યોને જ લાગુ પડતી હતી. એ રાજ્યોમાંના ગુલામ-માલિકો પોતાના ગુલામો ગુમાવતા હતા; પરંતુ સંઘરાજ્યને વફાદાર રહેલાં રાજ્યોમાંના માલિકોને ગુલામોની પોતાની મિલકત રાખવાની છૂટ રહેતી હતી.

1863ના નવા વરસને દિવસે લિંકને મુક્તિના ઢંઢેરા પર સહી કરી. પોતાની કલમના

એક લસરકામાત્રથી, સેંકડો વરસથી પારાવાર યાતનાઓ વેઠતા આવેલા લાખો લોકોની ગુલામીની બેડીઓ તૂટશે તથા દુનિયામાં માનવીની સમાનતાનો યુગ આરંભાશે, એ લિંકન સારી પેઠે જાણતા હતા.

અને વિધિની વિચિત્રતા તો જુઓ ! ગુલામ-માલિકો તથા ગુલામીના વિરોધીઓ, એમ બે દળમાં વિભક્ત થયેલી પ્રજા એકબીજા સાથે ઝઘડો કરવામાં પોતાની શક્તિ બરબાદ કરી રહી હતી. આખરે એ ઝઘડો આંતરવિગ્રહમાં પરિણમ્યો, અને કાળા હબસીઓને ખાતર દેશના ગોરા પ્રજાજનો લાખોની સંખ્યામાં એકબીજાને રહેંસી નાખવામાં હરીફાઈ કરવા લાગ્યા. અને જ્યારે લિંકને ગુલામોને મુક્ત કર્યા, ત્યારે લાભ કોને થયો ? જે વિભાગના લોકો પોતાને ગુલામોના હિતેશ્રી કહેવડાવતા હતા તેમના ગુલામોને નહીં, પણ જેમના પર ઉત્તરના લોકોનો કાબૂ નહોતો તે દક્ષિણના, ગુલામીને બચાવવા યુદ્ધે ચડેલા, ગોરાઓના ગુલામોને !

।

સેનાપતિ રોબર્ટ લીની સમર્થ દોરવણી નીચે દક્ષિણનાં કોન્ફેડરેટ રાજ્યોનું સૈન્ય સંઘરાજ્યના સૈન્ય પર એક પછી એક વિજય મેળવતું આવ્યું હતું. સાત મહિનાના ગાળા દરમ્યાન સેનાપતિ લીએ, સંઘરાજ્યના કરતાં લગભગ અડધા જ સૈન્ય તથા ઘણી ઓછી શસ્ત્રસામગ્રીથી, સંઘરાજ્યનાં સૈન્યોનો બે વાર કચ્ચરઘાણ કાઢીને તેને સખત હાર આપી હતી. સેનાપતિ લી

પોતાના સૈન્યને ઉત્તરમાં દોરી ગયા. પેન્સીલવેનીઆના ઉદ્યોગપ્રધાન અને સમૃદ્ધ રાજ્યમાં તે દાખલ થયા. ઉત્તરનાં મહત્ત્વનાં ઔદ્યોગિક તથા ધીકતાં શહેરો સર કરવાનો તેનો ઈરાદો હતો. લીની ચડાઈથી આખા ઉત્તરમાં ગભરાટ ફેલાઈ ગયો. લીના સૈન્યનો સામનો કરવા માટેના સંઘરાજ્યના સૈન્યની સરદારી લિંકને સેનાપતિ મીડને સોંપી. અને ગેટીસબર્ગ નામના નાનકડા કસબા નજીક બંને લશ્કરો ટકરાઈ પડ્યાં.

એ યુદ્ધના પરિણામ પર ઉત્તર તેમ જ દક્ષિણ, ઉભયનું ભાવિ તોળાયેલું હતું. ત્રણ દિવસ ખૂનખાર યુદ્ધ ચાલ્યું. સંઘરાજ્યના સૈન્યે કોન્ફેડરેટ રાજ્યોના સૈન્યને મારી હટાવ્યું. આંતરવિગ્રહમાં ત્યાર સુધી લડાયેલાં યુદ્ધોમાં ગેટીસબર્ગનું સૌથી વધારે ખૂનખાર હતું. એમાં કોન્ફેડરેટ રાજ્યોના 28,000 તથા સંઘરાજ્યના 23,000 સૈનિકોની ખુવારી થવા પામી. દક્ષિણને ખમવો પડેલો એ સૌથી મોટો પરાજય હતો. યુદ્ધ જો કે પછી બે વરસ ચાલુ રહ્યું, પણ ઉત્તરના અંતિમ વિજય વિશે હવે શંકા રહી નહીં.

ગેટીસબર્ગની એ લડાઈમાં પોતાના જાન કુરબાન કરનાર સૈનિકો જ્યાં ચિરનિદ્રામાં પોઢ્યા હતા, એ સ્થળની રાષ્ટ્રીય સ્મારક તરીકે પ્રતિષ્ઠા કરવાનું ઠરાવવામાં આવ્યું. એ ઐતિહાસિક પ્રસંગને ઘટે એવું ભાષણ લિંકન તૈયાર કરવા ઇચ્છતા હતા. પણ એ માટે તે બિલકુલ વખત કાઢી શક્યા નહીં. આખરે ગેટીસબર્ગ જવા તે નીકળ્યા એ સ્પેશિયલ રેલગાડીમાં જ પોતાનું નાનકડું

તેમનાં બલિદાનો વ્યર્થ નથી ગયાં, અને ઈશ્વરની છત્રછાયા નીચે રાષ્ટ્રમાં સ્વતંત્રતા નવો જન્મ પામે, જેથી કરીને પ્રજાની, પ્રજા દ્વારા ચાલતી અને પ્રજાને કાજે ચાલતી સરકાર પૃથ્વી પરથી નાશ ન પામે.''

આ રીતે, લિંકનનું ભાષણ બે જ મિનિટમાં, જાણે શરૂ થયું તે પહેલાં તો, પૂરું પણ થઈ ગયું ! તેની સામે કેમેરા ગોઠવીને ઊભેલા ફોટોગ્રાફરોને તેનો ફોટો પાડવા જેટલો સમય પણ ન મળ્યો !

ગેટીસબર્ગ ખાતે લિંકને ઉચ્ચારેલા એ શબ્દોની પછી જગતે નોંધ લીધી એટલું જ નહીં, હજી પણ એ તેને યાદ કરે છે— અને લોકશાહી જીવતી રહેશે ત્યાં સુધી યાદ કરતું રહેશે. સાર-અસારની સાચી મૂલવણી કરનાર કાળે તેને અમરત્વ અર્પ્યું છે. પોતાના આ ટૂંકા ને કવિત્વમય વક્તવ્યમાં લિંકને લોકશાહીનું હાર્દ પ્રગટ કર્યું છે. લોકશાહીની એમાં લિંકને આપી છે એથી વધારે વિશદ અને અર્થઘન તેમ જ યથાતથ વ્યાખ્યા રાજનીતિજ્ઞો કે રાજ્યશાસ્ત્રના પંડિતો હજી સુધી આપી શક્યા નથી.

।

આંતરવિગ્રહ શરૂ થયો તે અગાઉ જેટલા ગુલામો હતા, તેમાંના ત્રીજા ભાગના તો લિંકનના ઢંઢેરા દ્વારા મુક્ત થઈ ચૂક્યા હતા, પણ બાકીનાઓ બંધારણ અનુસાર હજી તેમના માલિકોની મિલકત જ હતા. લિંકન હવે સઘળા ગુલામોને મુક્ત કરવાને ઇંતેજાર હતા. સમગ્ર યુનાઈટેટ સ્ટેઈટ્સમાં ગુલામીની પ્રથા નાબૂદ કરવા માટેનો 13મો બંધારણીય સુધારો સંસદના ઉપલા ગૃહ સેનેટમાં પસાર થઈ ગયો હતો. પણ

ઝૂઝ્યા હતા, તેમણે જ તેને પુનિત કરેલી છે. તેમાં વધારો કે ઘટાડો કરવા આપણી પામર શક્તિ અમસર્થ છે.

‘‘આપણે આજે અહીં જે બોલીએ તેની જગત ભાગ્યે જ નોંધ લેશે અથવા ઝાઝો સમય તેને યાદ રાખશે; પરંતુ તેમણે અહીં જે કર્યું એ તે કદી ભૂલી શકનાર નથી.

‘‘ખરેખર તો, જેને તેમણે ઉમદા રીતે આટલે સુધી આગળ ધપાવ્યું, તે અધૂરા રહેલા કાર્યને પૂરું કરવા આપણે આપણી જાતને સમર્પણ કરીએ, એ આપણી જીવતા રહેલાઓની ફરજ છે. આ કાર્યમાં છેવટ સુધી પોતાની અશેષ નિષ્ઠા જેમણે અર્પણ કરી, તે યશસ્વી શહીદો પાસેથી અધિકતર નિષ્ઠાની આપણે દીક્ષા લઈએ. આપણે એવો અડગ નિર્ધાર કરીએ કે, જેમણે અહીં પ્રાણ પાથર્યા છે તેમનાં બલિદાનો વ્યર્થ નથી ગયાં, અને ઈશ્વરની છત્રછાયા નીચે રાષ્ટ્રમાં સ્વતંત્રતા નવો જન્મ પામે, જેથી કરીને પ્રજાની, પ્રજા દ્વારા ચાલતી અને પ્રજાને કાજે ચાલતી સરકાર પૃથ્વી પરથી નાશ ન પામે.’’

આ રીતે, લિંકનનું ભાષણ બે જ મિનિટમાં, જાણે શરૂ થયું તે પહેલાં તો, પૂરું પણ થઈ ગયું ! તેની સામે કેમેરા ગોઠવીને ઊભેલા ફોટોગ્રાફરોને તેનો ફોટો પાડવા જેટલો સમય પણ ન મળ્યો !

ગેટીસબર્ગ ખાતે લિંકને ઉચ્ચારેલા એ શબ્દોની પછી જગતે નોંધ લીધી એટલું જ નહીં, હજી પણ એ તેને યાદ કરે છે— અને લોકશાહી જીવતી રહેશે ત્યાં સુધી યાદ કરતું રહેશે.

સાર-અસારની સાચી મૂલવણી કરનાર કાળે તેને અમરત્વ અર્પ્યું છે. પોતાના આ ટૂંકા ને કવિત્વમય વક્તવ્યમાં લિંકને લોકશાહીનું હાર્દ પ્રગટ કર્યું છે. લોકશાહીની એમાં લિંકને આપી છે એથી વધારે વિશદ અને અર્થઘન તેમ જ યથાતથ વ્યાખ્યા રાજનીતિજ્ઞો કે રાજ્યશાસ્ત્રના પંડિતો હજી સુધી આપી શક્યા નથી.

।

આંતરવિગ્રહ શરૂ થયો તે અગાઉ જેટલા ગુલામો હતા, તેમાંના ત્રીજા ભાગના તો લિંકનના ઢંઢેરા દ્વારા મુક્ત થઈ ચૂક્યા હતા, પણ બાકીનાઓ બંધારણ અનુસાર હજી તેમના માલિકોની મિલકત જ હતા. લિંકન હવે સઘળા ગુલામોને મુક્ત કરવાને ઇંતેજાર હતા. સમગ્ર યુનાઈટેટ સ્ટેઈટ્સમાં ગુલામીની પ્રથા નાબૂદ કરવા માટેનો 13મો બંધારણીય સુધારો સંસદના ઉપલા ગૃહ સેનેટમાં પસાર થઈ ગયો હતો. નીચલા ગૃહ પ્રતિનિધિસભામાં પછી તેને જરૂરી બે-તૃતીયાંશ બહુમતી સાંપડી અને તે પસાર થઈ ગયો 1865ની 31મી જાન્યુઆરીએ....

અને લાગણીનો જુવાળ ઊમટ્યો. સંસદના સભ્યો અને પ્રેક્ષકો હર્ષાશ્રુથી ઊભરાતી આંખો સાથે એકબીજાને ભાવથી ભેટ્યા. બહાર ટોળે વળેલા વિશાળ જનસમુદાયે જયઘોષના ગગનભેદી પોકારો કરી વાતાવરણ ગજાવી મૂક્યું. પરંતુ એ સુધારો સંપૂર્ણપણે બંધારણના અંગરૂપ બને તે માટે હજી એક વિધિ બાકી હતો. એ માટે ત્રણ-ચતુર્થાંશ રાજ્યોની સંમતિ જરૂરી હતી. એ સંમતિ

મળતાં વખત લાગ્યો, અને તેથી લિંકનના અવસાન પછી જ તે અમલી બની શક્યો.

દક્ષિણના શાસક વર્ગના લોકોને હવે તેમની પડતી દશાનું સ્પષ્ટ દર્શન થવા લાગ્યું. પરિસ્થિતિ અતિશય વિકટ અને નિરાશાજનક હતી, તેમ છતાં કોન્ફેડરેટ રાજ્યોના પ્રમુખે છેલ્લા માનવી સુધી લડી લેવાનો નિશ્ચય કર્યો.

દરમ્યાન, પ્રમુખ લિંકને પોતાના મંત્રીમંડળ આગળ એક અસાધારણ દરખાસ્ત રજૂ કરી. તેમાં એવી જોગવાઈ હતી કે દક્ષિણનાં બળવાખોર રાજ્યો પહેલી એપ્રિલ સુધીમાં હથિયાર હેઠાં મૂકે તો, ગુલામીની તેમની મિલકત ગુમાવવા બદલ વળતર તરીકે 40 કરોડ ડોલર સંઘરાજ્યની સરકાર તેમને આપશે. લિંકનની આ ઉદારતા જોઈને મંત્રીઓ આભા બની ગયા— જે યુદ્ધ લગભગ જિતાઈ ગયું હતું, તે બંધ કરવા માટે દુશ્મનોને આટલી મોટી રકમ આપવી ! મૂંઝવણભરી શાંતિ વ્યાપી ગઈ. એક પણ મંત્રીએ દરખાસ્તની તરફેણ કરી નહીં. એક પછી એક મંત્રીએ તેની વિરુદ્ધ મત આપ્યો.

મંત્રીમંડળ તેની દરખાસ્ત મંજૂર કરે તો લિંકન તેને સંદેશાના રૂપમાં સંસદને મોકલવા માગતા હતા. બધા જ મંત્રીઓએ પોતાની એ દરખાસ્તનો એકે અવાજે વિરોધ કર્યો, એથી પ્રમુખને જરા નવાઈ લાગી. તેણે સવાલ કર્યો: ‘‘યુદ્ધ ક્યાં સુધી ચાલશે ?’’ કોઈએ કશો જવાબ આપ્યો નહીં, એટલે પ્રમુખે પોતે કહ્યું: ‘‘સો દિવસ. યુદ્ધ ચલાવવાને આજે આપણે દરરોજ જેટલા લાખ

તરીકે ગુલામોને લશ્કરમાં ભરતી કરવાનું ઠરાવ્યું. આમ, ગુલામીની પ્રથા ટકાવી રાખવાને મરણિયા બનેલા ગુલામ-માલિકોને માટે લડવાને ગુલામોને લશ્કરમાં ભરતી કરવામાં આવ્યા. અને બદલામાં તેમને ગુલામીમાંથી મુક્તિની ભેટ આપવાનું ઠરાવવામાં આવ્યું !

અને વિધિની વિચિત્રતા તો જુઓ — ગુલામી ટકાવી રાખવા માટે જે ગુલામ યુદ્ધને મોરચે જઈ પોતાના પ્રાણની આહુતિ આપે, તે ગુલામ મટ્યો; પણ ગુલામી ટકાવવા માટે લડવા ન માગનાર ગુલામ જ રહ્યો !

।

ઘેરાઈ ગયેલા કોન્ફેડરેટ સૈન્ય પર છેવટનો હુમલો કરવાની સંઘરાજ્યના સેનાપતિ ગ્રાંટ હવે તૈયારી કરી રહ્યા હતા. પરંતુ એ પહેલાં બળવાખોર સૈન્યની શરણાગતિ અંગે તે પ્રમુખ સાથે મસલત કરી લેવા ઇચ્છતા હતા. એટલે પ્રમુખને તેણે પોતાના વડા મથકે આવવાનું આમંત્રણ આપ્યું. લિંકન ખૂબ જ થાક્યાપાક્યા હતા. રાષ્ટ્રપતિ ભવન વ્હાઈટ હાઉસમાં આવ્યા પછી એક પણ દિવસ તેણે રજા ભોગવી નહોતી. એટલે કંઈક આરામ લેવાને અર્થે પણ ગ્રાંટનું આમંત્રણ તેણે સ્વીકારી લીધું. આગબોટમાં બેસીને સિટી પોઈન્ટ નામના સ્થળે જવા તે નીકળ્યા. શરણાગતિની બની શકે એટલી હળવી શરતો આપવાની સૂચના ઉપરાંત, હવે વધુ યુદ્ધ ટાળી શકાય તો ટાળવાની સલાહ પણ લિંકને સેનાપતિને આપી.

પ્રમુખ સાથેની મંત્રણા બાદ ગ્રાંટ મોરચા પર જવા રવાના થયા. લિંકન આગબોટમાં રહ્યા.

સુધી, તેમ જ ચાબૂકથી વહેવડાવવામાં આવેલા લોહીનો બદલો તલવારથી વહેવડાવવામાં આવેલા રુધિરના છેલ્લા બિંદુથી લેવામાં આવે ત્યાં સુધી એ (યુદ્ધ) ચાલુ રહે એવી ઈશ્વરની ઇચ્છા હોય તો, ત્રણ હજાર વરસ પૂર્વે કહેવામાં આવ્યું હતું તે જ પ્રમાણે હજી પણ કહેવું જોઈએ કે ઈશ્વરના ચુકાદાઓ સર્વથા સાચા અને ન્યાયપૂર્ણ હોય છે.''

પોતાના આ પ્રવચનના સંબંધમાં લિંકને એક મિત્રને લખ્યું: ''મારું મંગળ પ્રવચન અત્યાર સુધી મેં જે કંઈ કહ્યું કે લખ્યું તેના કરતાં વધારે સારું છે.''

।

બળવાનો અંત બહુ નજીક દેખાતો હતો. કોન્ફેડરેટ રાજ્યોના એક લાખ જેટલા સૈનિકો સૈન્ય છોડીને ભાગી ગયા હતા. તેમના મુલકમાં ભરતી કરી શકાય એવો છેલ્લો ગોરો પુરુષ લશ્કરમાં જોડાઈ ચૂક્યો હતો. હવે વધુ ગોરા સૈનિકો મેળવવાનું અશક્ય હતું. એ સ્થિતિમાં કોન્ફેડરેટ સંસદે છેલ્લા ઉપાય તરીકે ગુલામોને લશ્કરમાં ભરતી કરવાનું ઠરાવ્યું. આમ, ગુલામીની પ્રથા ટકાવી રાખવાને મરણિયા બનેલા ગુલામ-માલિકોને માટે લડવાને ગુલામોને લશ્કરમાં ભરતી કરવામાં આવ્યા. અને બદલામાં તેમને ગુલામીમાંથી મુક્તિની ભેટ આપવાનું ઠરાવવામાં આવ્યું !

અને વિધિની વિચિત્રતા તો જુઓ — ગુલામી ટકાવી રાખવા માટે જે ગુલામ યુદ્ધને મોરચે જઈ પોતાના પ્રાણની આહુતિ આપે, તે ગુલામ મટ્યો; પણ ગુલામી ટકાવવા માટે લડવા ન

માગનાર ગુલામ જ રહ્યો !

I

ઘેરાઈ ગયેલા કોન્ફેડરેટ સૈન્ય પર છેવટનો હુમલો કરવાની સંઘરાજ્યના સેનાપતિ ગ્રાંટ હવે તૈયારી કરી રહ્યા હતા. પરંતુ એ પહેલાં બળવાખોર સૈન્યની શરણાગતિ અંગે તે પ્રમુખ સાથે મસલત કરી લેવા ઇચ્છતા હતા. એટલે પ્રમુખને તેણે પોતાના વડા મથકે આવવાનું આમંત્રણ આપ્યું. લિંકન ખૂબ જ થાક્યાપાક્યા હતા. રાષ્ટ્રપતિ ભવન વ્હાઈટ હાઉસમાં આવ્યા પછી એક પણ દિવસ તેણે રજા ભોગવી નહોતી. એટલે કંઈક આરામ લેવાને અર્થે પણ ગ્રાંટનું આમંત્રણ તેણે સ્વીકારી લીધું. આગબોટમાં બેસીને સિટી પોઈન્ટ નામના સ્થળે જવા તે નીકળ્યા. શરણાગતિની બની શકે એટલી હળવી શરતો આપવાની સૂચના ઉપરાંત, હવે વધુ યુદ્ધ ટાળી શકાય તો ટાળવાની સલાહ પણ લિંકને સેનાપતિને આપી.

પ્રમુખ સાથેની મંત્રણા બાદ ગ્રાંટ મોરચા પર જવા રવાના થયા. લિંકન આગબોટમાં રહ્યા.

1865ના એપ્રિલની બીજી તારીખે રાત્રે અગિયાર વાગ્યે કોન્ફેડરેટ પ્રમુખ ડેવીસ, તેના મંત્રીઓ અને અમલદારો પોતાનું પાટનગર રીચમંડ છોડી ગયા. બીજે દિવસે સવારે જનરલ વિટ્ઝેલે રીચમંડની શરણાગતિ સ્વીકારી, અને શરણાગતિના વિધિ માટે લિંકન આગબોટમાં રીચમંડ જવા નીકળ્યા. માર્ગમાં આગબોટ નદીમાં ખૂંતી ગઈ. હલેસાંથી ચાલતી હોડી પ્રમુખને

રીચમંડ લઈ આવી. આમ પ્રમુખે વિજયસૂચક ધજાપતાકા યા તોપોની સલામી વિના જ દુશ્મનોના પરાજિત પાટનગરમાં પગપાળા પ્રવેશ કર્યો. રીચમંડ ખાલીખમ અને સુનકાર હતું. પ્રમુખના આગમનની કોઈને જાણ કરવામાં આવી નહોતી, એટલે તેનું સ્વાગત કરનાર પણ ત્યાં કોઈ જ નહોતું. માત્ર થોડાક હબસી ગુલામો ત્યાં એકઠા થઈ ગયા. તેઓ નજીકમાં જ દ્રાક્ષની વાડીમાં કામ કરતા હતા. લિંકન આવ્યાની જાણ થતાં, પોતાનું કામ છોડીને વાડીમાંથી તેઓ બહાર નીકળી આવ્યા. એક વૃદ્ધ ગુલામ બોલી ઊઠ્યો : ‘‘ઈશ્વરનો આભાર. પેલો રહ્યો મહાન પેગંબર, મહાન મુક્તિદાતા ! જોતાંની સાથે જ મેં તેને ઓળખી કાઢ્યો. કેટલાંય વરસથી તે મારા હૃદયમાં વિરાજમાન છે, અને આખરે તે આવ્યો—તેનાં સંતાનોને બંધનમાંથી મુક્ત કરવાને !’’ આમ બોલીને તે લિંકનને પગે પડ્યો અને તેણે મુક્તિદાતાના ચરણ ચૂમ્યા.

બાર-પંદર ગુલામો આ રીતે લિંકનને પગે પડ્યા. થોડી જ મિનિટ અગાઉ, હંમેશ મુજબ તેઓ કામ કરી રહ્યા હતા. તેમના ભાવિમાં આટલો જલદી અને આટલો મોટો પલટો આવવાનો છે, તેની એ બિચારા ભોળા લોકોને લેશમાત્ર પણ ખબર નહોતી. એટલે આશ્ચર્યચકિત થઈને તેઓ એક લાંબા, સૂકલકડી અને કરુણાપૂર્ણ આંખોવાળા પુરુષને ઊંડા ભક્તિભાવથી નમન કરતા ઊભા રહ્યા. તેમના આ વર્તનથી લિંકન જરા મૂંઝાઈ ગયા. પછી તે બોલ્યા: ‘‘ભલા, મને પગે ન પડો. તમારે કેવળ ઈશ્વરને જ પગે પડવું જોઈએ, અને હવે જે સ્વતંત્રતા તમે ભોગવવાના છો એ માટે

કંઈક પ્રારબ્ધવાદી હતા અને તેથી પોતાની સલામતી માટે દરકાર રાખતા નહીં. તે કહે: ''લાંબા સમયથી મેં મનમાં નક્કી કરી રાખ્યું છે કે કોઈ માણસ મને મારી નાખવા માગે તો અવશ્ય તે એમ કરશે. હું અંદર પોલાદનું બખ્તર પહેરું અને અંગરક્ષક રાખું એથી કશો ફેર નહીં પડે. કોઈ માણસને મારવો જ હોય તો એના હજાર રસ્તા છે.''

જોન વિલ્કીસ બૂથ નામનો રંગભૂમિનો જાણીતો નટ લિંકનનું ખૂન કરવાને કેટલાયે સમયથી રોકવામાં આવેલા હત્યારાઓની ટોળીનો નાયક હતો. તે લિંકનને પોતાના દેશનો શત્રુ લેખતો આવ્યો હતો. યુદ્ધ સળગાવવા માટે તથા હવે દક્ષિણના સંપૂર્ણ વિનાશ સુધી એ ચાલુ રાખવા માટે લિંકનને તે જવાબદાર લેખતો હતો. રીચમંડના પતનની સાથે જ બૂથે લિંકનનું ખૂન કરવાનું કાવતરું યોજ્યું.

14મી એપ્રિલનું વહાણું વાયું. એ રાત્રે પ્રમુખ-પત્ની મેરીએ નાટક જોવા જવાનો કાર્યક્રમ રાખ્યો હતો. લિંકનની બિલકુલ ઇચ્છા નહોતી, પણ મેરીનું મન રાખવાને તે નાટક જોવા જવાને કબૂલ થયા હતા. એ દિવસે ગુડ ફ્રાયડેનો પવિત્ર તહેવાર હતો. લિંકનના મુખ પર અપાર પ્રસન્નતા, ભલાઈ અને સ્વસ્થતા તરવરતાં હતાં.

પ્રમુખ નાટક જોવા થિયેટરમાં જનાર છે એની જાણ બૂથને થઈ હતી, એટલે અગાઉથી તે બધી તૈયારી કરી રહ્યો હતો. થિયેટરમાં જઈને, પ્રમુખ માટે અનામત રાખવામાં આવેલી ખાસ બેઠકની પાછળના બારણામાં એક કાણું તે પાડી આવ્યો.

પ્રમુખને નાટ્યગૃહમાં આવેલા જોઈને પ્રેક્ષકોએ ઊભા થઈને હર્ષનાદોથી તેને વધાવી લીધા. લિંકને

ઘોડેસવાર પાછો આવી પહોંચ્યો. તે તેમને કોન્ફેડરેટ પ્રમુખના, હવે ખાલી કરવામાં આવેલા નિવાસસ્થાને દોરી ગયો.

।

ઈશ્વર પોતાના ફિરસ્તાઓને પૃથ્વી પરનું તેમનું જીવનકાર્ય પૂરું થતાં પોતાની પાસે પાછા બોલાવી લેતો હોય એમ જણાય છે. લિંકન જીવનભર જેને માટે ઝંખ્યા હતા અને ઝૂઝ્યા હતા તે યુનાઈટેડ સ્ટેઈટ્સના સંઘરાજ્યની અખંડિતતા તથા ગુલામોની મુક્તિ હવે વિધાતાના લેખ સમાન બન્યાં હતાં.

ખોટા ખ્યાલ, ખોટી માન્યતા, ખોટી કલ્પના તેમ જ ખોટી સમજથી દોરવાઈને માનવીએ દુનિયાભરમાં પોતાના ઉદ્ધારકોને, તારકોને, હિતૈશીઓને શૂળીએ ચડાવ્યાના, તેમની કરપીણ હત્યા કર્યાના દાખલાઓથી ઇતિહાસનાં પાનાં કલંકિત થયેલાં છે. સોક્રેટીસનું શું થયું ? ઈશુ ખ્રિસ્તનું શું થયું ? અને હમણાં જાણે ગઈ કાલે જ ગાંધીજીનું શું થયું ? જેમને તેઓ ઉદ્ધારવા, તારવા ચાહતા હતા, જેમના કલ્યાણ માટે તેઓ અહર્નિશ તરસતા હતા, તેમણે જ તેમની હત્યા કરી ! ....લિંકનની બાબતમાં પણ એમ જ થયું.

લિંકન પ્રમુખપદે ચૂંટાયા ત્યારથી જ ખૂનનો ભય તેના પર સતત ઝઝૂમતો રહ્યો હતો. પણ તે કંઈક પ્રારબ્ધવાદી હતા અને તેથી પોતાની સલામતી માટે દરકાર રાખતા નહીં. તે

કહે: ''લાંબા સમયથી મેં મનમાં નક્કી કરી રાખ્યું છે કે કોઈ માણસ મને મારી નાખવા માગે તો અવશ્ય તે એમ કરશે. હું અંદર પોલાદનું બખ્તર પહેરું અને અંગરક્ષક રાખું એથી કશો ફેર નહીં પડે. કોઈ માણસને મારવો જ હોય તો એના હજાર રસ્તા છે.''

જોન વિલ્કીસ બૂથ નામનો રંગભૂમિનો જાણીતો નટ લિંકનનું ખૂન કરવાને કેટલાયે સમયથી રોકવામાં આવેલા હત્યારાઓની ટોળીનો નાયક હતો. તે લિંકનને પોતાના દેશનો શત્રુ લેખતો આવ્યો હતો. યુદ્ધ સળગાવવા માટે તથા હવે દક્ષિણના સંપૂર્ણ વિનાશ સુધી એ ચાલુ રાખવા માટે લિંકનને તે જવાબદાર લેખતો હતો. રીચમંડના પતનની સાથે જ બૂથે લિંકનનું ખૂન કરવાનું કાવતરું યોજ્યું.

14મી એપ્રિલનું વહાણું વાયું. એ રાત્રે પ્રમુખ-પત્ની મેરીએ નાટક જોવા જવાનો કાર્યક્રમ રાખ્યો હતો. લિંકનની બિલકુલ ઇચ્છા નહોતી, પણ મેરીનું મન રાખવાને તે નાટક જોવા જવાને કબૂલ થયા હતા. એ દિવસે ગુડ ફ્રાયડેનો પવિત્ર તહેવાર હતો. લિંકનના મુખ પર અપાર પ્રસન્નતા, ભલાઈ અને સ્વસ્થતા તરવરતાં હતાં.

પ્રમુખ નાટક જોવા થિયેટરમાં જનાર છે એની જાણ બૂથને થઈ હતી, એટલે અગાઉથી તે બધી તૈયારી કરી રહ્યો હતો. થિયેટરમાં જઈને, પ્રમુખ માટે અનામત રાખવામાં આવેલી ખાસ બેઠકની પાછળના બારણામાં એક કાણું તે પાડી આવ્યો.

પ્રમુખને નાટ્યગૃહમાં આવેલા જોઈને પ્રેક્ષકોએ ઊભા થઈને હર્ષનાદોથી તેને વધાવી લીધા.

લિંકને સૌને વંદન કર્યાં. નાટક શરૂ થઈ ચૂક્યું હતું. પ્રમુખની બેઠકના પ્રવેશદ્વાર આગળ એક સશસ્ત્ર પહેરેગીર મૂકવામાં આવ્યો હતો. તે કંઈક આઘોપાછો થયો હશે. પેલા કાણામાંથી બૂથ આ બધું જોઈ રહ્યો હતો. હવે તે ચૂપકીદીથી અંદર પેઠો અને પ્રમુખના માથાના પાછલા ભાગ પર બરાબર તાકીને પિસ્તોલનો ઘોડો તેણે દબાવ્યો. ભડાકો થયો અને ગોળી લિંકનના મગજમાં પેસી ગઈ. એ બેભાન થઈને લોહી નીગળતા ખુરસી પર ઢળી પડ્યા. જંગલી પશુની જેમ છલાંગ મારીને બૂથ નાસી છૂટ્યો અને બહાર ઊભા રાખેલા ઘોડા પર સવાર થઈને પળવારમાં અલોપ બની ગયો.

ભડાકો થતાંની સાથે પ્રેક્ષકો અવાક અને બેબાકળા થઈ ગયા. શું બન્યું છે તેની પ્રથમ તો તેમને સમજ ન પડી, પણ ''પ્રમુખ પર ગોળી છોડી છે.'' એવી ચીસ મેરી પાડી ઊઠી એ સાંભળીને પ્રેક્ષકોમાં કારમી અરેરાટી ફેલાઈ ગઈ. નાટક નાટકને ઠેકાણે રહ્યું. સૈનિકો આવી પહોંચ્યા. બેશુદ્ધ લિંકનને ઊંચકીને નજીકના એક સામાન્ય મકાનમાં લઈ જવામાં આવ્યા.

આખી રાત લોકોનું વિશાળ ટોળું ત્યાં ખડે પગે ઊભું રહ્યું. સૌના મુખ પર અકથ્ય વેદના અને ગ્લાનિ ફરી વળી હતી. દાક્તરી ઉપાયો કારગત આવે એમ હતું જ નહીં. સવારે સૂર્યોદયને સમયે પ્રાણ તેનું ખોળિયું છોડી ગયો. શનિવાર, એપ્રિલ 15, 1865.

આકાશ વાદળાંથી ઘેરાયેલું હતું. ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. માનવજાતના અનન્ય ચાહકની ચિરવિદાયને કારણે આકાશ જાણે કે આંસુ સારી રહ્યું હતું.

Ń